# પ્રકરણ – ૪

# કુન્દનિકા કાપડીઆની ચયન કરેલ કૃતિઓમાં નિરુપિત ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણ

# પ્રકરણ-૪

# કુન્દનિકા કાપડીઆની ચયન કરેલ કૃતિઓમાં નિરૂપિત ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણ

## પ્રસ્તાવના

કોઈપણ વ્યક્તિને એની ચેતન અવસ્થામાં વિવિધ અનુભવો થતા જ રહે છે. આ માટે વિવિધ ઘટનાઓ, પરિસ્થિતિઓ, વિચારો, અનુભૂતિઓ, સંવેદનાઓ કે કલ્પનાઓ એક ઉદ્દીપક સ્વરૂપે તેની સામે ઉપસ્થિત થાય છે. એની અનુભૂતિ વ્યક્તિની ચેતનાને જાગૃત કરે છે. જેના દ્વારા તે એના પ્રત્યે સ્વજાગૃતિ કેળવે છે. ધીમે ધીમે વ્યક્તિ એ ઉદ્દીપકની અસર હેઠળ ઉત્તેજિત થાય છે.

આ પ્રક્રિયા દરમ્યાન તે આંતર-બાહ્ય ઉત્તેજના અનુભવે છે. જે તીવ્ર બનતાં એ ઉદ્દીપક પ્રત્યે એના મનમાં સંતોષ અથવા અસંતોષની લાગણી જન્મે છે. એ મુજબ તે એની નજીક અથવા દૂર જાય છે. અંતે એ ઉદ્દીપક વિશે વ્યક્તિની એક મજબૂત મન: સ્થિતિ બને છે. જે એક ચોક્કસ પ્રકારની ભાવના સ્વરૂપે નિર્માણ પામે છે. જે સમય જતાં ચોક્કસ વર્તનક્રિયામાં પરિણમે છે. ભાવનાની આખી પ્રક્રિયામાં મગજનો સવિશેષ ફાળો છે. વ્યક્તિનાં મગજનાં વિભિન્ન અવયવો દ્વારા જ એનું નિર્માણ અને શમન થાય છે. આમ, ભાવના એક માનસિક પ્રક્રિયા છે. તે જન્મથી માંડીને મૃત્યુ સુધી ચાલતી સતત પ્રક્રિયા છે.

ભાવનાને ત્રિપરિમાણીય મોડેલ સાથે સરખાવી શકાય. તે પણ મુખ્યત્વે ત્રણ પરિમાણો ધરાવે છે. (૧) ગુણવત્તા/ જ્ઞાનાત્મકતા (૨) તીવ્રતા/ઉત્તેજના (૩) સુખ અથવા દુ:ખની લાગણી.

(૧) ગુણવત્તા/ જ્ઞાનાત્મકતા - આ પરિમાણમાં વ્યક્તિ એની ચેતના દ્વારા ઉદ્દીપકને ઓળખે છે. પોતાના માટે એ સુખદ છે કે દુ:ખદ એની ગુણવત્તા નક્કી થાય છે.

(૨) તીવ્રતા - આ પરિમાણ દ્વારા જે તે ઉદ્દીપકના કારણે ઉત્તેજિત થવાની તીવ્રતાની ઓળખ થાય છે.

(૩) સુખ અથવા દુ:ખની લાગણી - આ પરિમાણ એ વ્યક્તિને ઉત્તેજિત અવસ્થા બાદ નિર્ણય લેવા માટે તૈયાર કરે છે. ઉદ્દીપકના કારણે નિર્માણ પામેલી જે તે સ્થિતિનો સ્વીકાર કરવો કે અસ્વીકાર તે અહીં નક્કી થાય છે. આ પરિમાણ વ્યક્તિને વર્તન કરવાની પ્રેરણા આપે છે. આ સ્થિતિમાં તે અનુકૂલન સાધવાનો પ્રયત્ન કરે છે. વ્યક્તિની પ્રકૃતિ મુજબ આ નિર્ણયનો સ્વીકાર અથવા અસ્વીકાર થાય છે.

આ રીતે ભાવનાની પ્રક્રિયામાં પ્રથમ તો ઉપસ્થિત થયેલ ઉદ્દીપકનું જ્ઞાન થાય છે. ત્યારબાદ એ અનુભવની તીવ્રતા અને તેમાંથી પ્રાપ્ત થયેલ સુખ/દુ:ખની અનુભૂતિ વડે એક ચોક્કસ ભાવનાનું સ્વરૂપ બંધાય છે. આમ, ભાવના એ ઉચ્ચ તીવ્રતા અને ઉચ્ચ સુખ/દુ:ખનો અનુભવ ધરાવે છે.

સ્ત્રી અને સંવેદના બંને એકબીજા સાથે વણાયેલાં છે. સ્ત્રીસંવેદનની વાત કરતાં દર્શના ધોળકિયા લખે છે કે: “સમય બદલાતાં સ્ત્રીના પ્રશ્નો પ્રમાણમાં હળવા થયા ત્યારે પણ એની માનુષી તરીકેની કેટલીક આગવી સંવેદનાઓ તો આગવી રીતે જ જોવાની આવે છે. કેમ કે જગતભરની સ્ત્રીઓ એ ગમે તેટલી પુરુષ સમોવડી હોય તો પણ- સ્ત્રી તરીકે જ પ્રગટ થતી હોય છે. તેની પાછળ તેનું શારીરિક બંધારણ કામ કરતું હોય છે. આખરે તો શરીર અને મન એકબીજા સાથે જોડાયેલાં છે. એટલે એનો પ્રભાવ સ્ત્રી પર પડવાનો જ છે. સ્ત્રી-પુરુષ સહસંબંધ વેળાએ પણ પુરુષ, સ્ત્રીને કશુંક આપે છે ને સ્ત્રી કશુંક લે છે. આપ્યા પછી પુરુષ કટ ઑફ થઈ જાય છે ને સ્ત્રી સૃષ્ટિ સાથે જોડાય છે. આ જોડાણ સ્ત્રીની ભૂમિકાને સમજવા માટેનું અગત્યનું પરિબળ બને છે. જેને સમજવું દુષ્કર છે. એ આથી જ નારીનો કેટલોક બાહ્ય વ્યવહાર ને તેમાં આંતરિક સંવેદનોને તેની આસપાસનું જગત પ્રમાણી શકતું નથી. આત્મચરિત્રો કે જીવનચરિત્રોમાં પણ ભલભલી સાહસિક સ્ત્રીઓ કોઈક ક્ષણે નબળી પડતી જણાય છે ને ત્યારે એ સ્ત્રીનું અર્થઘટન કરવામાં સમાજને મુશ્કેલી પડે છે ત્યારે એક સર્જક જ આ અર્થઘટન કરવામાં સફળ નીવડે છે. તાત્ત્વિક રીતે જોતાં સ્ત્રીની જે વિભિન્ન ભૂમિકાઓ છે એમાં એની પ્રકૃતિ આ જ રીતે સક્રિય થાય છે ને આખરે એના પ્રાકૃતિક બંધારણનો જ એના વ્યક્તિત્વ પર વિજય થાય છે.”[vi]

સદીઓથી ચાલી આવેલી પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા, સ્વભાવગત ભાવલાગણીઓ, આસપાસની પરિસ્થિતિ કે વાતાવરણ વગેરે પરિબળો સાથે હંમેશા સમાયોજન સાધવું શક્ય નથી.

પોતાની ઇચ્છા-આકાંક્ષાઓને કારણે ઘણીવાર સ્ત્રીનો ઉપરોક્ત પરિબળો સામે અસંતોષ જાગે છે. જે એનામાં ભાવસંઘર્ષને જાગ્રત કરે છે. સંઘર્ષ વગરનાં સ્ત્રીનાં જીવનની કલ્પના મુશ્કેલ છે. આ ભાવનાઓ એના માટે સકારાત્મક છે કે નકારાત્મક એ એની પ્રકૃતિ પર નિર્ભર છે. ઉપસ્થિત થયેલ ઉદ્દીપકની અનુભૂતિ કઈરીતે અનુભવાય છે એ એના ભાવવિશ્વ પર આધાર રાખે છે.

ઉદ્દીપકો મુજબ દરેક વ્યક્તિમાં ઉદ્દભવતી સુખ-દુઃખની ભાવલાગણીઓ ભિન્ન હોઈ શકે છે. જેમ કે હંમેશા અપમાનજનક શબ્દો સાંભળનાર સ્ત્રી અન્ય કોઈ દ્વારા હડધૂત થાય તો એ સ્થિતિને એ સ્વીકારી લે છે. એની સામે તે કોઈ વિરોધ કરતી નથી કારણ કે એના માટે આવી ઘટનાઓ સામાન્ય છે. એથી વિપરીત, જયારે કોઈ ગૃહસ્થ કુટુંબની શિક્ષિત સ્ત્રીને આ જ સ્થિતિનો સામનો કરવો પડે ત્યારે તે પોતાના માટે બોલાયેલા અપમાનજનક શબ્દોને સ્વીકારી શકતી નથી. જેના કારણે તે ક્રોધિત થઈ શકે છે.

ઉપરોક્ત ઉદાહરણ દ્વારા સમજાય છે કે વ્યક્તિ એની આત્મચેતના દ્વારા નક્કી કરે છે કે એ અનુભૂતિ કે ઉદ્દીપક એના માટે સ્વીકાર્ય છે કે અસ્વીકાર્ય. એ મુજબ તે પ્રતિભાવ આપે છે. જો ઉદ્દીપકનો સ્વીકાર થાય તો સકારાત્મક ભાવનાઓ ઉદ્દીપ્ત થાય છે. એથી વિરુદ્ધ, જો એ ઉદ્દીપકનો અસ્વીકાર થાય તો એના પ્રત્યે મનમાં વિરોધ જન્મે છે. જે ભાવનાત્મક સંઘર્ષ માટે કારણભૂત બને છે. આવો સંઘર્ષ કોઈ પણ વ્યક્તિ માટે કષ્ટદાયક બની રહે છે. એની તીવ્રતા મુજબ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર માઠી અસરો જોવા મળે છે. પુરુષ કરતાં સ્ત્રીઓની પ્રકૃતિ વધુ સંવેદનશીલ હોય છે. આ કારણે બંનેમાં ભાવનાત્મક સંઘર્ષની અભિવ્યક્તિમાં તફાવત જોવા મળે છે.

વ્યક્તિની આંતરચેતના વડે અનુભૂતિઓનો સ્વીકાર કે અસ્વીકાર થાય છે. જેના દ્વારા નિર્માણ પામતી ભાવનાઓ મુખ્યત્વે બે પ્રકારની હોય છે.

- સકારાત્મક ભાવના - પ્રેમ, આનંદ, હર્ષ, શ્રદ્ધા, સંતોષ વગેરે...
- નકારાત્મક ભાવના - ભય, ક્રોધ, ઇચ્છા, પીડા, હતાશા, ઘૃણા, અફસોસ, તિરસ્કાર, ઈર્ષ્યા વગેરે...

સકારાત્મક ભાવનાઓનો અનુભવ મહદંશે વ્યક્તિને આનંદિત અને પ્રફુલ્લિત રાખે છે. તેનું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય તંદુરસ્ત બનાવે છે. જેના કારણે વ્યક્તિ વિકાસના માર્ગે આગળ વધે છે. આવી ભાવનાઓના અનુભવોનું જીવનમાં સારું પરિણામ મળતું જોવા મળે છે. નકારાત્મક ભાવનાઓની અસરો મોટાભાગે નુકસાનકારક સાબિત થાય છે. તેનો વધુ પડતો અનુભવ માનસિક સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન કરે છે. આ સ્થિતિમાં વ્યક્તિ બેચેની, અસહાયતા, ઉદાસીનતા અને તાણનો અનુભવ કરે છે. જે એના સ્વાસ્થ્ય અને વિકાસ માટે અવરોધક બની રહે છે.

પુરુષપ્રધાન સમાજને કારણે સદીઓથી સ્ત્રીઓનું શોષણ થતું આવ્યું છે. સમાજની રૂઢિઓ અને નિયમોને કારણે સ્ત્રી હંમેશા ક્યાંક ને ક્યાંક દબાતી, કચડાતી રહી છે. જેને કારણે એના મનોવિશ્વમાં આકાર લેતી વિવિધ સંવેદનાઓ સાહિત્યમાં પણ ઝીલાતી રહી છે. કુન્દનિકા કાપડીઆએ પણ સ્ત્રીમનોગત ભાવસંવેદનોનું એમના સાહિત્યમાં કલાત્મકતાથી આલેખન કર્યું છે. 'કુન્દનિકા કાપડીઆની શ્રેષ્ઠ વાર્તાઓ' પુસ્તકની પ્રસ્તાવનામાં તે નોંધે છે કે: "મનુષ્યના જીવનમાં જે અનેકવિધ તત્ત્વોના અનેકવિધ સંયોગો સાથે જોડાઈને અનવરત ખેલ ચાલે છે, અને સુખ કે દુઃખ, વેદના કે સંવાદિતાના રૂપે પ્રગટ થાય છે તેનું પ્રતિબિંબ ઝીલવું તે મારી વાર્તાની સહજ દિશા છે."[iii]

ઉપરોક્ત પ્રસ્તાવના દ્વારા જણાય છે કે એમની વાર્તાઓમાં માનવસંવેદનોની અનુભૂતિ સહજતાથી આલેખાઈ છે. આ કારણે જ એમની વાર્તાનાં પાત્રો સુખદ અને દુઃખદ ભાવનાઓને અનુભવતાં જોવા મળે છે. આ પ્રકરણમાં કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં રહેલા સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણાત્મક અધ્યયન કરવાનો હેતુ નિહિત છે.

શોધનિબંધના આ પ્રકરણના વિષયવસ્તુ માટે મુખ્યત્વે નવ નકારાત્મક ભાવનાઓ જેવી કે ભય, ક્રોધ, હતાશા, ધૃણા, ઇચ્છા, પીડા, અફસોસ, તિરસ્કાર અને ઈર્ષ્યાને અહીં પસંદ કરેલ છે. મૂળ ભાવનાઓમાં મુખ્યત્વે ભય, ક્રોધ, હતાશા અને ધૃણા જેવી ચાર નકારાત્મક ભાવનાઓ છે. તે સિવાયની અન્ય પાંચ નકારાત્મક ભાવનાઓમાં ઇચ્છા, પીડા, અફસોસ, તિરસ્કાર અને ઈર્ષ્યાને અહીં સામેલ કરવામાં આવી છે. આ મુજબની કુલ નવ નકારાત્મક ભાવનાઓને ધ્યાનમાં રાખીને વાર્તાકારના તમામ

વાર્તાસંગ્રહોમાં સ્ત્રીપાત્રોને અનુભવાતા ભાવનાત્મક સંઘર્ષની ચર્ચા અહીં કરવામાં આવી છે. સ્ત્રીપાત્રોની ભાવનાની અનુભૂતિ અને સંઘર્ષની પ્રક્રિયાને અહીં સમજાવવાનો એક પ્રયાસ છે.

ઉપરોક્ત જણાવેલ ભાવનાઓની અનુભૂતિ મુજબ વાર્તાઓનાં જૂથ બનાવવામાં આવ્યાં છે. જે મુજબ જે ભાવના સાથેનો સંઘર્ષ વધુ જોવા મળે છે તે જૂથને અહીં પ્રથમ મૂકવામાં આવ્યું છે. દરેક જૂથમાં વાર્તાઓની ગોઠવણી માટે પાત્રોએ અનુભવેલ સંવેદનની તીવ્રતાને ધ્યાને લેવાઈ છે. ત્યારબાદ એ જ રીતે દરેક જૂથને ચઢતાથી ઊતરતા ક્રમમાં ગોઠવી એની વાર્તાઓની ચર્ચા અહીં કરવામાં આવી છે.

## જૂથ ૧ - હતાશા સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

ઇચ્છિત વસ્તુ કે પરિસ્થિતિને પામી ન શકવાથી અથવા એને નુકસાન થવાથી હતાશાનો ભાવ ઉદ્દભવે છે. ઇચ્છાભંગની સ્થિતિમાં વ્યક્તિ હતાશા અનુભવે છે. તીવ્ર હતાશાને કારણે ક્યારેક વ્યક્તિ ડીપ્રેશનમાં આવી જાય છે. તે માનસિક અસંતુલનનો શિકાર બને છે તો ક્યારેક આત્મહત્યા જેવું પગલું પણ ભરી બેસે છે.  આ ભાવનાની અનુભૂતિ દરમ્યાન મુખ્યત્વે ચહેરો ઉદાસ થવો, ચક્કર આવવા, શરીર ઢીલું થવું, માથું નમાવીને ચાલવું, રડવું વગેરે જેવા લક્ષણો જોવા મળે છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓનો અભ્યાસ કરતાં જણાયું છે કે સ્ત્રીની સ્વભાવગત લાગણીઓ અને સંવેદનો એમની વાર્તાઓમાં રજૂ થયાં છે. અહીં સ્ત્રીપાત્રોનો હતાશાની ભાવના સાથેનો સંઘર્ષ સૌથી વધુ જોવા મળ્યો છે. આ કારણે આ જૂથની વાર્તાઓને પ્રથમ મૂકવામાં આવી છે. તમામ વાર્તાસંગ્રહો મુજબ હતાશાના સંઘર્ષની વાત કરીએ તો એમની ‘અંધકાર’, ‘સૂરજ ઊગશે’, ‘બળતો બપોર’, ‘પથ્થરનું સંગીત’, ‘એક પત્ર’, ‘તારાછાયી રાત’, ‘માધવ અને કુસુમી’, ‘વિદાય’, ‘વધુ ને વધુ સુંદર’, ‘મુક્તિ’, ‘ઉષ્મા’, ‘પ્રિયતમનાં લગ્ન’, ‘પ્રથમ રાત્રિએ’, ‘ડહેલિયાનું ફૂલ’, ‘માર્ગ ક્યાં છે?’, ‘શોધ’, ‘હરિ આવન કી આવાજ’, ‘નવું ચિત્ર’, ‘મનુષ્ય થવું’, ‘સંબંધ’, ‘સ્નેહધન’ અને ‘છબી’ જેવી વાર્તાઓમાં

સ્ત્રીપાત્રોની હતાશા વ્યક્ત થઈ છે. આ વાર્તાઓમાં નિરૂપાયેલ સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષની પ્રક્રિયાને સમજીએ.

- 'અંધકાર' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

સુચરિતા સૂરજના પ્રેમને ઝંખે છે. જયારે સૂરજ એનો અસ્વીકાર કરે છે ત્યારે તેને પામવાની ઇચ્છાનો ભંગ થાય છે. તેની ઇચ્છાભંગની સ્થિતિ દર્શાવતાં આ વિધાનો જુઓ: "સૂરજની રૂમમાંથી નીકળી ત્યારે મને... કડડભૂસ કરતી જમીન પર પડી." (પૃ. ૧૦૬)

આ કારણે તેનામાં હતાશા ઉદ્દીપ્ત થાય છે. એની હતાશા આ વિધાનોમાં વ્યક્ત થઈ છે: "સૂરજની રૂમમાંથી તે સાંજે  નીકળી ત્યારે... બધું જ મારે માટે નિરર્થક છે... મારું જીવન સરશે." (પૃ. ૧૦૬)

હતાશ સુચરિતા સૂરજથી દૂર જવા શહેર છોડે છે. પિતાના મૃત્યુ બાદ એકલતાની સ્થિતિમાં તેની હતાશા વધુ તીવ્ર બને છે. આ હતાશા એટલી બધી તીવ્ર છે કે તે હવે મૃત્યુને ઝંખે છે. ભાવનાત્મક અવસ્થામાં સતત રડ્યા કરવાથી તે અંધ બને છે. અહીં સુચરિતાનો તીવ્ર હતાશાની ભાવના સાથેનો સંઘર્ષ વર્ણવાયો છે.

- 'સૂરજ ઊગશે' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

આ વાર્તામાં પ્રેમમાં નિષ્ફળ થયેલી નાયિકા છે. આ નિષ્ફળતાની વેદના એટલી અસહ્ય છે કે તે જીવનનો અંત લાવવાનું વિચારી રહી છે. આ માટે તે વિવિધ સ્થળોએ ભટકી રહી છે. આ સ્થિતિ એની ઘોર હતાશાને દર્શાવે છે. આત્મકથન દ્વારા તે મનોવ્યથા જણાવતી નજરે પડે છે. જે નીચેનાં વિધાનો દ્વારા વ્યક્ત થઈ છે: "સાચું પૂછો તો મારી શરીર પ્રત્યેની સભાનતા જ ઓછી થતી જતી હતી... રહી રહીને હું મૃત્યુનો વિચાર કરવા લાગતી." (પૃ. ૧૪૬)

વાર્તાની શરૂઆતમાં જ હરપળ મૃત્યુને ઝંખતી નાયિકાનો તીવ્ર હતાશા સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- ‘બળતો બપોર’ (કાગળની હોડી, ૧૯૭૮)

મહેમાનોને મળવાની નાયિકાને તીવ્ર ઇચ્છા છે. તેમની પાસેથી પોતાની ખુશામદના થોડા શબ્દો સાંભળવા તેનું મન અધીરું બને છે. કામની વ્યસ્તતાને કારણે તે એમને મળી શકતી નથી. ઇચ્છાભંગની આ સ્થિતિમાં તેનામાં હતાશા ઉદ્દભવે છે. પડોશણનાં મુખેથી જયારે તે ‘મહેમાન તો ક્યારનાં આવીને જતાં રહ્યાં…’ એવું સાંભળે છે ત્યારે તેનાં બધાં જ અરમાનો ચૂરચૂર થઈ જાય છે. પડોશણ સાથે થયેલો સંવાદ એની હતાશાને વધુ તીવ્ર બનાવી મૂકે છે. તેનાં વ્યથિત મનની વેદનાને આલેખતાં વાર્તાકાર લખે છે કે: “તેની આંખમાં અચાનક એટલાં બધાં આંસુ ઊભરાયા કે તેને થયું, આ આંસુ પોતે બહાર વહેવા દે… પોતે એમાં તણાઈ જાય.” (પૃ. ૧૩૫)

“એક ક્ષણ તેને લાગ્યું કે આ રસ્તા પર જાણે કોઈએ સળગતા કોલસા પાથરી દીધા છે.” (પૃ.૧૩૫)

વાર્તાનું આ અંતિમ વિધાન એની તીવ્ર હતાશા સાથેની મનઃસ્થિતિને સૂચિત કરી આપે છે. ઇચ્છાભંગની સ્થિતિમાં ઉત્પન્ન થતો તીવ્ર હતાશા સાથેનો સ્ત્રીસંઘર્ષ અહીં જોવા મળે છે.

- ‘પથ્થરનું સંગીત’ (કાગળની હોડી, ૧૯૭૮)

બાળનાયક દ્વારા જાણવા મળે છે કે એનાં માતા પિતા વચ્ચે અણબનાવ રહે છે. પતિ સાથેના ઝગડા બાદ નાયિકા એના બાળક સાથે અંતિમ વાતચીત કરે છે. પુત્રને અપાતી શિખામણમાં એની તીવ્ર હતાશા જોવા મળે છે. તેની હતાશા દર્શાવતાં આ વિધાનો જુઓ: “મને તારા માટે ચિંતા થતી નથી… તો તારી સાથે પરણાવતા નથી ને!” (પૃ. ૧૮૦)

અનિચ્છાએ થયેલાં લગ્ન અહીં નાયકનાં માતા પિતા વચ્ચે સંઘર્ષનું કારણ બને છે.

- ‘એક પત્ર’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

પતિનું અકાળે અવસાન થવાથી નાયિકા હતાશ છે. હવે તે બધી જ જવાબદારી અને બાળકો સાથે એકલવાયું જીવન ગાળે છે. તેને લાગે છે કે પોતાને કારણે જ પતિનું અકાળે અવસાન થયું છે. એનાં મૃત્યુ માટે તે પોતાને જવાબદાર ગણે છે. એનો અફસોસનો ભાવ આ વિધાનોમાં વ્યક્ત થયો છે: "વસ્તુસ્થિતિ શું છે તેનું મને... ડંખ મને પીડતો રહેશે. (પૃ. ૨૦૮)

યુવાન વયે પતિ વિનાનાં જીવનમાં તેને એકલતા અનુભવાય છે. જેના કારણે પીડા અનુભવે છે. આ સ્થિતિમાં લોકો દ્વારા અપાતું આશ્વાસન તેની પીડાને વધુ ઘેરી બનાવે છે. પતિ વિનાનું જીવન જીવવાનો કોઈ હરખ રહ્યો નથી. જે એનામાં હતાશા ઉદ્દીપ્ત કરે છે. પોતાની મનઃ સ્થિતિ જણાવતાં તે પત્રમાં લખે છે કે: "સાંજ પડતી ને પગથિયાં પર કોઈનો પગરવ સંભળાતો નહિ... વધુ ઊંડું થવા લાગ્યું. (પૃ. ૨૧૦)

પોતાને આમ એકલી છોડી દેવા બદલ તેને પતિ પર ગુસ્સો પણ આવે છે. કેટલીકવાર તેનો સંઘર્ષ એટલો બધો વધી જાય છે કે તેને લાગે છે કે તે પોતે એક પ્રેમભરી શોકાકુલ સ્ત્રીમાંથી એક કઠોર સ્ત્રી બની ગઈ છે. પતિ વગરના જીવનમાં નાયિકા એકલતા અને ખાલીપાનો અનુભવ કરે છે. આ સ્થિતિમાં તેનામાં પીડા, ક્રોધ અને અફસોસની ભાવના જાગ્રત થાય છે. જેમાં એની હતાશા પોષાઈને તીવ્ર બનતી જોવા મળે છે. મુખ્યત્વે એનો હતાશા સાથેનો સંઘર્ષ અહીં જોવા મળે છે.

- 'તારાછાયી રાત' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

પ્રવાસે ગયેલી સુમાને કૉલેજની સખી અલકા મળે છે. તે સુમાને એની પ્રણયભગ્નતા વિશે જણાવે છે. પોતાનો ભૂતકાળ રજૂ કરતી વખતે અલકાના મુખ પર હતાશાના ભાવ જોવા મળે છે. જે આ વિધાનોમાં વ્યક્ત થયા છે: "અલકા જરા વાર ચૂપ રહી... આપણને કેટલી બધી અપેક્ષા હોય છે!" (પૃ. ૧૪૫)

સુખ-દુ:ખની દરેક સ્થિતિમાં વિનયનો સાથ મળશે એવી અલકાને અપેક્ષા હતી. કોલેરાગ્રસ્ત લોકોની સેવા માટે વિનય અલકાને સાથ આપતો નથી. આ સ્થિતિમાં અલકા લગ્ન પહેલાં જ વિનયના

સંવેદના રહિત સ્વભાવને પારખી લે છે. ઇચ્છાભંગ થવાથી તે હતાશ થાય છે. બંને વચ્ચે થતા સંવાદમાં અલકાની વિનય પ્રત્યેની અપેક્ષાઓ ભંગ થતી જોવા મળે છે. અપેક્ષાભંગના કારણે હતાશાની ભાવના સાથેનો સંઘર્ષ આલેખાયેલો જોવા મળે છે.

- 'માધવ અને કુસુમી' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

મગનશા શેઠની દીકરી કુસુમી, ગરીબ માધવને ચાહે છે. સામાજિક અર્થવ્યવસ્થાના કારણે તે માધવને પામી શકતી નથી. આ કારણે થતા મરજી વિરુદ્ધના લગ્નથી તે હતાશ છે. પૂરમાં તણાવાની ઘટનામાં તેને ફરીથી માધવ સાથે જીવન વિતાવવાની શક્યતા જણાય છે. વાર્તાકાર તેની વ્યથા દર્શાવતાં લખે છે કે: "આંસુ ભરી આંખે કુસુમીનો નિર્દોષ ચહેરો... પછી બહાર નીકળી જઈશું." (પૃ. ૪૨)

ઉપરોક્ત વિધાનોમાં માધવના પ્રેમનાં પૂરમાં તણાઈને ઘણે દૂર નીકળી જવા માટેનો કુસુમીનો તરફડાટ છે. માધવને કરેલી આજીજીમાં એની તીવ્ર હતાશા જોવા મળે છે.

- 'વિદાય' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

ગોપિકાને મનમોહનની કવિતાઓ ખૂબ જ ગમે છે. થોડા દિવસની ટૂંકી મુલાકાતમાં જ તે એને ચાહવા લાગે છે. લગ્ન અન્ય સાથે નક્કી થયાં છે પણ હૃદય હવે મનમોહનને ઝંખે છે. સંજોગો એવા છે કે હવે તે લગ્નનો વિરોધ કરી શકે એમ નથી. આ કારણે તે હતાશ છે. પોતાના મનની વાત તે આડકતરી રીતે મનમોહનને જણાવી દે છે. આ સ્થિતિમાં તેની હતાશા વધતી જોવા મળે છે. જે એના મુખે બોલાયેલાં આ વિધાનોમાં જોવા મળે છે: "તમને કદાચ થતું હશે, મને આ કઈ જાતની ઘેલછા... આ કાયરતા જ આપણું સૌથી મોટું બંધન છે." (પૃ. ૮૦)

અંતે આ સ્થિતિમાંથી બહાર નીકળી ન શકતાં બંને છૂટાં પડે છે. મનમોહન એને છોડીને સદાય માટે જવા તૈયાર થાય છે. આ સમયે ગોપિકાની હતાશા તીવ્ર બનતી જોવા મળે છે. અહીં ગોપિકા હતાશા સાથેનો ભાવનાત્મક સંઘર્ષ કરતી જણાય છે.

ગોપિકાના પોતાના પ્રત્યેના પ્રેમનો અહેસાસ મનમોહનને થાય છે. પોતે પણ એને ચાહે છે. ગોપિકાના લગ્ન નક્કી થઈ ગયા હોવાથી હવે પોતે કશું જ કરી શકતો નથી. જીવનભર સાથે રહેવાનાં

કોડ અધૂરાં જ રહી જવાનાં છે તે ખ્યાલે તે પણ હતાશા સાથે સંઘર્ષ અનુભવે છે. ગોપિકાની વ્યથા તે અનુભવી શકે છે. તેના માટે પોતે કશું જ ન કરી શકતો હોવાથી તે પીડા અનુભવે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "પ્રકાશોજ્જ્વલ ક્ષણે તેના અંતરનાં બધાં આવરણોને હટાવી દઈને… મારા હૃદયને કોરી ખાવા લાગી." (પૃ. ૮૧)

અંતમાં ગોપિકાને સદાય માટે છોડી જવાની સ્થિતિમાં એની પીડા તીવ્ર બનતી જોવાય છે. અહીં મનમોહનના ભાવનાત્મક સંઘર્ષનું પણ સુંદર આલેખન જોવા મળે છે.

- 'વધુ ને વધુ સુંદર' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

દીપ અને વાસવીના લગ્નજીવનની રોમાંચક પળોને પુષ્પા જુએ છે. આ સાથે જ અનીલ સાથેનાં પ્રસન્ન અને મધુર દાંપત્યજીવનની સ્મૃતિઓ તેનાં મનને ઘેરી વળે છે. પુષ્પાને સ્વતંત્ર રહેવું ગમે છે. સાસુના આવ્યા પછી તેની સ્વતંત્રતા છીનવાય છે. આ કારણે તેનામાં હતાશા ઉદ્દીપ્ત થાય છે. સાસુની સેવા કરવી તેને બિલકુલ ગમતી નથી. બીમાર સાસુનો ઓરડો એનામાં ધૃણાના ભાવને પણ જાગ્રત કરે છે. અહીં સાસુનાં ઓરડાનું વર્ણન પુષ્પાની ઘૃણા માટે ઉદ્દીપક બને છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "નાનકડાં એ ઘરમાં મુખ્ય ખંડમાં જ સાસુની પથારી… બા પાસે બેસવું જોઈએ ને?" (પૃ. ૧૮૦)

અનિલના અકસ્માતના સમાચાર સાંભળી તે તીવ્ર પીડામાં સરી જાય છે. અનિલના મિત્ર સાથેના સંવાદમાં એની પીડા જોવા મળે છે. અનિલના અને સાસુનાં મૃત્યુ પછી એનું જીવન એકલવાયું બને છે. આ સ્થિતિમાં એની પીડા ઘેરી બનતી જાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "જે દુર્ભાગ્ય માટે પુષ્પા જરાય તૈયાર નહોતી, તે તેના પર અચાનક જ તૂટી પડ્યું હતું… એકસાથે આથમી ગયા." (પૃ. ૧૮૨)

અહીં પુષ્પાના જીવનની ઘટનાઓમાં એની હતાશા, ધૃણા અને પીડાના ભાવ જોવા મળે છે. જે એની હતાશા માટે પોષક બને છે. સમગ્રતયા હતાશાને કારણે તે સંઘર્ષ કરતી જોવા મળે છે.

- 'મુક્તિ' (કાગળની હોડી, ૧૯૭૮)

પુત્ર સંગીતમાં આગળ વધે અને ઉજ્જવળ કારકિર્દી બનાવે એવી નાયિકાને ઇચ્છા છે. સંગીતમાં આગળ વધારવા માટેનાં તેનાં પ્રયત્નોની પુત્ર દ્વારા ઉપેક્ષા થાય છે. ઇચ્છાભંગની આ સ્થિતિમાં એની હતાશા ઉદ્દભવે છે. જે આ વિધાનોમાં જોઈ શકાય છે: "પણ મારાથી રહેવાતું નહિ... હું સ્વપ્નો સેવતી હતી, પણ તેં એ બધાં સ્વપ્નો ખેરવી નાખ્યાં." (પૃ. ૧૫૭)

પુત્ર પોતાનાથી દૂર જઈ રહ્યો છે એમ લાગતાં તે કાલ્પનિક ભય અનુભવે છે. તેની ભાવોર્મિઓ આ વિધાનોમાં વ્યક્ત થઈ છે: "દિવસેને દિવસે મારી અને તેની... હું તેને કદી નહીં જોઈ શકું." (પૃ. ૧૫૮)

પુત્રનાં ભવિષ્ય માટે ચિંતિત અને વ્યાકુળ બનતી નાયિકાની હતાશા અહીં જોવા મળે છે. સાથે સાથે પુત્ર પોતાનાથી દૂર થઈ જશે એ બાબતે એનો કાલ્પનિક ભય પણ તે અનુભવે છે. જે એની હતાશાને પોષે છે. મુખ્યત્વે હતાશાનાં કારણે સ્વસંઘર્ષ કરતી નાયિકા અહીં દૃશ્યમાન થાય છે.

- 'ઉષ્મા' (મનુષ્ય થવું, ૧૯૯૦)

નાયિકાને વૃદ્ધાવસ્થાને કારણે ઘરના દરેક પ્રસંગોથી દૂર રાખવામાં આવે છે. પરિવાર દ્વારા થતા ઉપેક્ષાભર્યા વર્તનને કારણે એનામાં હતાશા ઉદ્દભવે છે. જે વાર્તાની શરૂઆતનાં વિધાનોમાં જ જોવા મળી જાય છે: "બારણું ઉઘાડીને તે ચૂપચાપ બાલ્કનીમાં... પણ કોઈ તેને જોઈ શકે નહિ." (પૃ. ૭૬)

વાર્તાકારે અહીં વક્રભાષા વાપરીને ખરેખર તો નાયિકાની એકલતાનો ખ્યાલ આપ્યો છે. પોતાનું ઘર હોવા છતાં તેને રૂમની બહાર નીકળવાનું નહોતું. અહીં તેની વૃદ્ધાવસ્થાની વ્યથાનું વર્ણન જોવા મળે છે. તે ભૌતિક રીતે સુખીસંપન્ન છે છતાંય, તેના મનમાં ન પૂરાય એવો ખાલીપો છે. જે એની હતાશાને પોષે છે. વૃદ્ધાવસ્થામાં પરિવારના સભ્યો દ્વારા તેની અવગણના થતી રહે છે. જેના કારણે એની હતાશા ઘેરી બનતી રહે છે. પતિ સાથે ગાળેલા જીવનમાં પણ તેને ક્યારેય સુખ મળ્યું નથી. જે આ વિધાનો વડે ફલિત થયું છે: "પતિ સાથેનું જીવન તો પાનખરના વૃક્ષ જેવું હતું.... અતીત નહોતો." (પૃ. ૭૭)

ઉપરોક્ત બધાં જ કારણો એની હતાશા માટે પોષક પરિબળો બન્યાં છે. વૃદ્ધ નાયિકા અહીં પરિવારનાં પ્રેમ અને હૂંફને ઝંખે છે. પ્રેમની જગ્યાએ ઉપેક્ષા મળવાથી તે મનોમન હતાશા અનુભવતી જોવા મળે છે.

- 'પ્રિયતમનાં લગ્ન' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નિંદ્રામાં સરી પડેલી નાયિકા સ્વપ્ન જુએ છે. એના દ્વારા એ જાણે છે કે એનો પ્રિયતમ અન્ય કોઈ પાત્ર સાથે લગ્ન કરી રહ્યો છે. હજી ગઈ કાલે સાંજે તો બંને મળ્યા હતા. તેણે નાયિકાને કહ્યું હતું: "હું કેવળ તને જ ચાહું છું." અચાનક ટૅલિફોનમાં એ પ્રિયતમને સાંભળે છે કે "આજે સાંજે મારા લગ્ન છે, તું જરૂર આવજે." આ સમાચાર નાયિકાને આઘાત પહોંચાડે છે. જે એનામાં હતાશા જાગ્રત કરે છે. જે વ્યક્તિને તે અત્યંત ચાહે છે એની અન્ય સાથે લગ્ન કરવાની વાતથી તે હતાશ થાય છે. એની હતાશા આ વિધાનો દ્વારા અહીં દર્શાવવામાં આવી છે કે: "મારા હૃદયમાં કંઈક જાણે વાગ્યું.... થઈને પડી જઈશ. (પૃ. ૧૩૦)

આ સ્થિતિમાં એને ટૅલિફોન પર પણ ગુસ્સો આવી જાય છે. જેના કારણે ટૅલિફોનને ભીંત સાથે અફાળીને એના ટુકડેટુકડા કરી નાંખવાનું એને મન થાય છે. "સાંજે મારા લગ્ન છે, તું જરૂર આવજે.." આ વાક્ય અહીં હતાશા માટે ઉદ્દીપક બન્યું છે. આ કારણે નાયિકાનો સંઘર્ષ વધુ તીવ્ર બને છે. તે કહે છે કે: "એક તીવ્ર આક્રોશ મારા કંઠમાંથી ઊઠ્યો... ચીસ પાડી." (પૃ. ૧૩૧)

અહીં ક્રોધ વડે એની હતાશા પોષાય છે. મુખ્યત્વે એનો હતાશાનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે.

- 'પ્રથમ રાત્રિએ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

નવોઢા મંજુને સાસરીમાં કશું જ પોતાનું લાગતું નથી. તે એકલતા અનુભવે છે. પ્રથમ રાત્રિએ પોતાનો નવો રૂમ જોઈને એને થાય છે કે: "હવે શું આ જ ખંડમાં જિંદગી આખી પસાર કરવાની?" (પૃ. ૨૫)

નવો પરિવેશ એનામાં હતાશા જન્માવે છે. એને પિયરનું સ્મરણ થઈ આવે છે. પિયરનાં ઘરની આસપાસની પ્રકૃતિશોભા, બાળમિત્ર મોહન સાથે વિતાવેલી પળો, અને દાદીમાની મીઠી યાદો એની હતાશાને પોષે છે. એની મન:સ્થિતિ દર્શાવતાં આ વિધાનો જુઓ: "મંજુને રહી રહીને બધું યાદ આવવા લાગ્યું... તેનું દિલ દાદીની ગોદમાં પાછું પહોંચવા તરફડી રહ્યું." (પૃ. ૨૪)

પિયરનો ભૂતકાળ યાદ આવતાં જ તે સંઘર્ષમય બને છે. વાર્તાકારે કરેલું પ્રકૃતિવર્ણન અહીં મંજુના સંઘર્ષને વધારવા ઉદ્દીપક બન્યું છે. અહીં મંજુની હતાશા સાથેનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે.

- 'ડહેલિયાનું ફૂલ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

પતિનું બદલાતું વર્તન જોઈને સોમામાં હતાશા ઉદ્દભવે છે. પતિ તેમને ચાહતો નથી એમ તે અનુભવે છે. કારણ વગર ઝગડો કરતા અને અનિમેષને મારતા નાયક પર તે ક્રોધે પણ ભરાય છે. તીવ્ર હતાશાને કારણે સાંજે નાયકને જોઈને તે રડી પડે છે. નાયક સાથેના આ સંવાદમાં એની તીવ્ર હતાશા જોવા મળે છે: "અચાનક જ મારા ખભા પર માથું નાખી દઈ તે રડી પડી... તે ચમકી ગઈ." (પૃ. ૫૭)

સોમાના પતિ પ્રત્યેના ક્રોધનું કારણ પણ એની હતાશા જ છે. અહીં મુખ્યત્વે હતાશાનો ભાવ પ્રબળ છે.

- 'માર્ગ ક્યાં છે?' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

સુનંદાને ગરીબીના કારણે મિ.સેન સાથે પરણવું પડ્યું છે. ધનવાન પતિ તેના તરફ દુર્લક્ષ સેવે છે. આર્થિક દૃષ્ટિએ સુનંદા સુખી છે પણ મનોમન તે દુ:ખી છે. પોતાની વાત તે કોઈને જણાવી શકતી નથી. અસહાયતામાં તે હતાશાનો ભોગ બને છે. આ સ્થિતિને હવે સ્વીકારી લીધી હોવા છતાંય એના ચહેરા પર છવાયેલી હતાશા નાયક પારખી લે છે. વાર્તાકાર સાથેના સંવાદમાં એની હતાશાનો સંઘર્ષ છતો થાય છે. નવી ફિલ્મના નિર્માણ પછી ગોઠવેલી મહેફિલમાં સુનંદાની નજર સામે જ મિ.સેન ફિલ્મની નવી અભિનેત્રી સાથે અન્ય રૂમમાં જતો જોવા મળે છે. આ સ્થિતિમાં પણ તે કશું જ કરી શકતી

નથી. આ ઘટનામાં એની હતાશા તીવ્ર બને છે. નાયકના આ વિધાનમાં સુનંદાની મન:સ્થિતિ જોવા મળે છે: "તમારા ચહેરા પર તે દિવસે જે વેદના ઊભરાઈ... ક્યારેય જોઈ નહોતી." (પૃ. ૧૦૩)

પરિસ્થિતિનો સ્વીકાર કરતી સુનંદા મૂકપ્રેક્ષક બનીને બધું જ જોયા કરે છે. પ્રેમ, હૂંફ વગરના નીરસ જીવનનાં ખાલીપાને કારણે ઉદ્દભવતો સુનંદાનો હતાશાનો સંઘર્ષ અહીં જોવા મળે છે.

નાયકને સુનંદા પ્રત્યે હમદર્દી છે. ભૌતિકતાના બંધનમાં જકડાયેલી સુનંદાને તે મુક્ત અને સ્વતંત્ર જોવા ઇચ્છે છે. મિ.સેન જેવા સ્વછંદી પુરુષને છોડી દઈને એક અલગ દુનિયા વસાવવા માટે તે સુનંદાને સમજાવે છે. આ સ્થિતિમાંથી બહાર નીકળવાની હિંમત સુનંદા કરી શકતી નથી. આ જોઈ તે હતાશ થાય છે. તેની હતાશા આ વાક્યોમાં જોવા મળે છે: "મેં ધ્રૂજતે સ્વરે કહ્યું: "સાંભળો, તમે આ બધું છોડીને નીકળી જઈ શકો છો... બારણામાંથી સીધાં બહાર... " (પૃ. ૧૦૨)

સુનંદાનું જીવન જોઈને નાયક પણ હતાશાનો સંઘર્ષ અનુભવતો જોવા મળે છે.

- 'શોધ' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

નાયિકાની બાળસખી સુનાલી નિર્દોષ અને ભોળી છોકરી છે. મધુસૂદનની પ્રેમભરી ટિખળોને એ સાચી માની એના એકતરફી પ્રેમમાં પડે છે. બીમાર અવસ્થામાં તેને એકવાર મધુસૂદનને મળી લેવાની ઝંખના છે. મધુસૂદન તો ટીખળ કરીને ભૂલી જનાર છોકરો હતો. આ બાબતે તે કોઈ પ્રતિભાવ આપતો નથી. તેને મળવાની સુનાલીની ઇચ્છા અધૂરી જ રહે છે. આ સ્થિતિમાં તે હતાશ થાય છે. નાયિકા અને સુનાલી વચ્ચેનો આ સંવાદ તેની સંઘર્ષમય સ્થિતિને પ્રગટ કરી જાય છે.

"એક દિવસ તે કંઈક વધારે ગમગીન હતી... મેં કહ્યું: "આવશે તો બોલાવી લાવીશ...

સુનાલી કશું બોલી નહિ. આંખો બંધ કરીને પડી રહી." (પૃ. ૧૩૫)

અહીં એકતરફી પ્રેમના કારણે સુનાલીનો હતાશાનો સંઘર્ષ અનુભવી શકાય છે.

- 'હરિ આવન કી આવાજ' (કાગળની હોડી, ૧૯૭૮)

કેટી કૃત્રિમ અને રસહીન સંબંધોથી ઘેરાયેલી છે. પોતાની ઇચ્છાઓનું દમન કરીને એણે પતિ મિ.ફિરોઝની પત્ની તરીકે રહેવું પડે છે. એને ગમતું વર્તન કરવું પડે છે. સ્વતંત્રતાને ઝંખતી કેટી

આવા બંધનોમાંથી મુક્ત થવાની હિંમત કરી શકતી નથી. આ સ્થિતિ એનામાં હતાશાનો ભાવ ઉદ્દીપ્ત કરે છે. તે હતાશ હૃદયે કહે છે કે: "જીવનમાં કોઈક વાર એવો અવાજ સંભળાય છે... હજારો અસત્યોના કોલાહલ સાંભળીએ છીએ." (પૃ. ૬)

આવા વિચારોમાં એની હતાશા ઘેરી બનતાં પીડામાં ફેરવાય છે. એની પીડાને વર્ણવતાં આ વિધાનો જુઓ: "આટલું લાંબુ બોલીને કેટી થાકી જાય છે... ઉદાસ ચહેરો ઊંડી પીડામાં ઓગળી જાય છે." (પૃ. ૮)

સમગ્ર વાર્તામાં કેટીની હતાશા અને પીડા પણ અહીં જોવા મળે છે. અહીં સ્વતંત્ર રહેવાની ઇચ્છા હોવાં છતાં સમાજનાં બંધનોને સ્વીકારતી કેટીની તીવ્ર હતાશા જોવા મળે છે.

સમાજના બંધનોને સ્વીકારી એક સ્ત્રી હંમેશા બીજાને બતાવવાના ખોટા આવરણો ધારણ કરે છે. પોતાની ઇચ્છા ના હોય તો પણ અન્યને ગમતું એને કરવું પડે છે. સ્ત્રીઓની આ સ્થિતિ માટે વાર્તાકાર સ્ત્રીપાત્ર ક્રોધ વ્યક્ત કરે છે. જે આ વિધાનોમાં વ્યક્ત થયો છે: "તમે એ અવાજ સાંભળ્યો હોય તો... તોડીફોડી કેમ નથી નાંખતી?" (પૃ. ૬)

અહીં વાર્તાકાર સ્ત્રીઓને મુક્ત જોવા ઇચ્છે છે. એના આહ્વાનમાં એનો ક્રોધ વ્યક્ત થયો છે.

- 'નવું ચિત્ર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયિકા એક ચિત્રકાર છે. અત્યાર સુધીના આનંદમય જીવનમાં હવે તે પરિવર્તન અનુભવે છે. કંઈક બન્યું હતું કે જેનાથી તેના વિચારોમાં, વર્તાવમાં, લાગણીઓમાં એક સૂનકાર પ્રવેશ્યો હતો. તે ભૂતકાળનું જીવન યાદ કરે છે. વર્તમાન જીવનમાં આવેલા બદલાવને કારણે એનામાં હતાશાનો ભાવ ઉદ્દભવે છે. એનાં માનસપટમાં આ બાબતે વિચારો ઉદ્દીપ્ત થાય છે. જેના કારણે એની હતાશા ઘેરી બને છે. જે આ વિધાનોમાં વ્યક્ત થઈ છે: "વર્ષોનાં વર્ષો સુધી સૂર્યોદયના... રજ આખા આંગણ પર? (પૃ. ૨૧૮)

પોતે દોરેલા ચિત્રમાં તે એનાં જ જીવનનું દર્શન કરે છે. એક સમયે આ ચિત્ર જેવું જ સુંદર હતું પોતાનું જીવન. એ ચિત્રના એક ખૂણે તે ફૂગ વળેલી જુએ છે. ચિત્રમાં ફૂગનું વળવું એ નાયિકાના જીવનમાં પ્રસરેલી એકલતાનું સૂચક છે. અહીં ઘરનાં બેઠકખંડમાં લટકાવેલું ચિત્ર તેનાં વિચારો માટે ઉદ્દીપક બન્યું છે. તે વિચારે છે કે: "આવું શાથી થયું?... જેથી સઘળું આનંદરસાયણ ફિક્કું પડી ગયું?" (પૃ. ૨૨૦)

આવા વિચારોમાં એનો હતાશાનો ભાવ ઘેરો બનતો જાય છે. વૃદ્ધાવસ્થાને લીધે જીવનમાં વ્યાપેલી ઉદાસી અને શિથીલતાના કારણે તેનો હતાશા સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- 'મનુષ્ય થવું' (મનુષ્ય થવું, ૧૯૯૦)

દક્ષા પાસે તમામ પ્રકારનો વૈભવ હોવાં છતાં તેને શાંતિની તૃપ્તિ થતી નથી. ઘરમાં આગલી રાત્રે પાર્ટી થઈ છે. આ બધું તેને વ્યર્થ લાગે છે. એકલતાને લીધે તેનાં મનમાં એક પ્રકારનો ખાલીપો છે. જેના કારણે એનાં મનમાં હતાશા જાગ્રત થાય છે. વૈભવી જીવનનાં એનાં ખાલીપાને વાર્તાકારે આ વિધાનોમાં આલેખ્યો છે: "આગલી રાતની પાર્ટી પછી આખું ઘર અસ્તવ્યસ્ત... હૃદય ખાલી રહ્યું હતું." (પૃ. ૬૭)

વાર્તાકારે યોજાઈ ગયેલ પાર્ટી પછીના ઘરનું વર્ણન કર્યું છે. જે એક ઉદ્દીપક તરીકે દક્ષાની સામે આવે છે. એ દ્વારા એની મન:સ્થિતિનો ચિતાર આપ્યો છે. તેનાં જીવનમાં તમામ વૈભવની વચ્ચે આડંબરભર્યા આનંદની નકરી કૃત્રિમતા, યાંત્રિકતાનો ભાર વ્યાપી ગયો હોય તેવું દૃશ્યમાન થાય છે. ઉપરનાં બંને ફકરા દક્ષાની એકલતાને કારણે વ્યાપેલી ગર્ભિત હતાશાને ઉજાગર કરે છે.

- 'સંબંધ' (મનુષ્ય થવું, ૧૯૯૦)

નિશાનનાં મૃત્યુના કારણે સુગીત પિતાના પ્રેમને ઝંખે છે. એ વાત નિરંકા પણ સમજી શકે છે. એનાં જીવનને ફરીથી સુખથી ભરી દેવા હવે સોમનાથ આવ્યો હતો. સુગીત એની સાથે હળે-મળે એ હેતુથી તે એની સાથે મુલાકાત કરાવવા ઇચ્છે છે. આ સમયે સુગીત "મારે નવો બાપ નથી જોઈતો..." એમ કહીને તેને મળવા ઇચ્છતો નથી. સુગીતનાં મુખે રજૂ થયેલો 'નવો બાપ' શબ્દ અહીં એક ઉદ્દીપક

બન્યો છે. જેને સાંભળીને નિરંકાના માનસપટમાં મથામણ ઉદ્દીપ્ત થાય છે. જે એનાં મનમાં હતાશા જાગ્રત કરે છે. એની હતાશા વ્યક્ત કરતાં આ વિધાનો જુઓ: “નિરંકા ઉદાસ થઈને જોઈ રહી... સદીઓથી સ્વીકારાયેલા... આશાને આશંકાથી ભરેલી છબિ.” (પૃ. ૭૦)

ભારતીય સમાજમાં સદીઓથી પુરુષપ્રધાનતા સ્વીકારાઈ છે. પુરુષ માટે બધું જ કરવાની છૂટ છે. પત્નીનાં મૃત્યુ પછી પણ એને પરણવાની છૂટ છે. આવનાર નવી સ્ત્રીને બાળક દ્વારા ‘નવી મા’નું સંબોધન અપાય છે. એ શબ્દ સદીઓથી સ્વીકારાયેલો હતો. એ જ પ્રમાણે પુરુષનાં મૃત્યુ પછી કોઈ સ્ત્રી પરણે તો તે પુરુષને ‘નવો બાપ’ કહી શકાતો નથી. એ સમાજની કડવી વાસ્તવિકતા છે. સ્ત્રી અને પુરુષ માટે વિચારોની જે ઊંડી ખાઈ સમાજમાં પડી છે એ તરફ અહીં અંગુલીનિર્દેશ થયો છે. નિરંકાને સમાજની આ ધારાઓ અને વિચારસરણીનો વિરોધ છે. જે એનાં વિચારોમાં જોવા મળે છે: “તો પછી ક્યાં એક ખાઈ પડી ગઈ?... નવી હોય કે જૂની, મા એટલે મા.” (પૃ. ૭૦)

મનમાં ઉદ્દીપ્ત થતાં આવાં ખ્યાલો એની હતાશાના ભાવને ઘેરો બનાવે છે. આ સ્થિતિમાં સુગીત હવે સોમનાથને સ્વીકારશે કે નહિ તેની મથામણમાં તે વધુ હતાશ થાય છે. જે આ વિધાનોમાં જોઈ શકાય છે: “પણ સુગીતનું શું? સોમનાથ તો એને સ્વીકારશે, પણ તે સોમનાથને સ્વીકારશે? (પૃ. ૭૨)

સમગ્રતયા અહીં નિરંકાનો હતાશા સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- ‘સ્નેહધન’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

પ્રેમ અને વાત્સલ્યથી જતીનને સુધારી શકશે એવો ફોઈને વિશ્વાસ હતો. એ માટે એ જતીન સાથે પ્રેમભર્યું વર્તન કરે છે. આમ કરવા છતાંય જતીનના વર્તનમાં કોઈ ફરક પડતો નથી. પોતાનો વિશ્વાસ તૂટતો જોઈને ફોઈ હતાશ થાય છે. નીચેના સંવાદમાં ફોઈના હૃદયવ્યથાની ઝાંખી જોવા મળે છે: “તેના વાળમાં હાથ પસવારતી ધીમે અવાજે બોલી: “જતીન બેટા, હું અહીં રહું તે તને ગમે કે ન ગમે?”....પણ અહીં એની કશી ભાવના કામ લાગી નહિ, એ જાણી તે મનમાં દુ:ખી થઈ.” (પૃ. ૧૩)

અહીં, વિધવા ફોઈનો હતાશાનો સંઘર્ષ જોવા મળે છે.

- ‘છબી’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

અસંતોષને કારણે નાયિકામાં નાની નાની વાતમાં ક્રોધિત થઈ જાય છે. સંઘર્ષમય સ્થિતિમાં મનને હળવું કરવા માટે બહાર નીકળેલી નાયિકા બીજા રસ્તે ચાલવા માંડે છે. ત્યાં એના ભૂતપૂર્વ પ્રેમીને મળે છે. આ મુલાકાત દરમ્યાન પ્રેમી એને એક વાત કહેવા ઇચ્છે છે. આ સાંભળી નાયિકા એવી અપેક્ષા રાખે છે કે કદાચ મને ન પામવાથી એ મારી ખોટ અનુભવતો હશે. એ જ વાત તે કરવાનો હશે. પ્રેમીના જવાબમાં એની કાલ્પનિક અપેક્ષાઓ નાશ પામે છે. આ સ્થિતિમાં તે હતાશ થતી જોવા મળે છે. એની હતાશાનું વર્ણન કરતાં તે જણાવે છે કે: “તમે સહેજ હસ્યા. ‘ઘણા વખતથી... મેં મારી જાતને સંભાળી.”(પૃ. ૧૩૭)

અહીં, નાયિકાની અપેક્ષાઓના અસંતોષને કારણે ઉદ્દીપ્ત થયેલી હતાશાનો સંઘર્ષ જોવા મળે છે.

જૂથ સમાપન

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓનો ભાવનાત્મક સંઘર્ષના દૃષ્ટિકોણથી અભ્યાસ કરતાં જણાયું છે કે એમની વાર્તાનાં મહત્તમ સ્ત્રીપાત્રોને કોઈક ને કોઈક ઝંખના છે, ઇચ્છા છે. આ ઇચ્છાઓનો ભંગ થવાથી એમનામાં હતાશા ઉદ્દભવતી જોવા મળે છે. મહદંશે ઇચ્છાભંગ હતાશાનું કારણ બનતું જોવા મળે છે.

તેમનાં તમામ વાર્તાસંગ્રહોમાંથી સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ દર્શાવતી કુલ ૫૭ વાર્તાઓ જોવા મળી છે. તેમાંથી કુલ ૨૨ વાર્તાઓમાં હતાશાના સંઘર્ષનું નિરૂપણ જોવા મળે છે. અહીં વિવિધ ઉંમરનાં પરિણીત અને અપરિણીત સ્ત્રીપાત્રો છે. અહીં યુવતીઓ, આધેડ ઉંમરની સ્ત્રીઓ અને વૃદ્ધ સ્ત્રીઓ વિશેષ જોવા મળે છે. હતાશાના સંઘર્ષની તેમનાં પર તીવ્ર કે સાધારણ અસરો પણ અહીં જોવા મળે છે.

‘અંધકાર’, ‘સૂરજ ઊગશે’, ‘તારાછાયી રાત’, ‘માધવ અને કુસુમી’, ‘વિદાય’, ‘શોધ’ જેવી વાર્તાઓમાં પ્રેમનિષ્ફળતાનો વિષય રજૂ થયો છે. આ સ્ત્રીપાત્રોને મનગમતું પાત્ર ન મળવાથી હતાશા જાગ્રત થાય છે. ‘પથ્થરનું સંગીત’, ‘માધવ અને કુસુમી’, ‘માર્ગ ક્યાં છે?’, ‘હરિ આવન કી આવાજ’, ‘સંબંધ’ જેવી વાર્તાઓમાં સમાજે ઘડી કાઢેલા બંધનો હતાશા માટે કારણરૂપ બન્યાં છે. ‘એક પત્ર’, ‘પ્રથમ

રાત્રિએ', 'ઉષ્મા', 'નવું ચિત્ર' અને 'મનુષ્ય થવું' વાર્તામાં જીવનની એકલતા અને ખાલીપો પાત્રોમાં હતાશાને ઉજાગર કરે છે. 'સ્નેહધન' વાર્તામાં બાળકને સુધારવાના પ્રયત્નો નિષ્ફળ બનતા જોઈને અને 'છબી' વાર્તામાં નાયિકાની અપેક્ષાભંગ એમની હતાશાને જાગ્રત કરે છે.

અહીં 'અંધકાર', 'સૂરજ ઊગશે' અને 'પથ્થરનું સંગીત' વાર્તાઓનાં સ્ત્રીપાત્રો હતાશાને કારણે ખૂબ જ સંવેદનશીલ બનેલા જોવા મળે છે. 'અંધકાર' વાર્તાની સુચરિતા પિતાના મૃત્યુ પછીની એકલતાની સ્થિતિમાં તે મૃત્યુની ઇચ્છા કરે છે. તીવ્ર હતાશામાં રડી રડીને તે અંધ બને છે. 'સૂરજ ઊગશે'ની નાયિકા પણ પ્રેમમાં નિષ્ફળતા મળવાથી હવે જીવનનો અંત લાવવા એક સ્થળેથી બીજા સ્થળે ભટકે છે. તીવ્ર હતાશાને કારણે એના શરીર વિશે પણ તેને સભાનતા રહેતી નથી. મૃત્યુ માટેની તીવ્ર ઝંખના એનામાં ઉદ્દીપ્ત થાય છે. 'પથ્થરનું સંગીત' વાર્તામાં નાયિકાના અનિચ્છાએ લગ્ન થવાથી તેનો પતિ સાથે સુમેળ જ થતો નથી. હતાશાનો આવેગ તેના પર એટલો બધો હાવિ બને છે કે તે મનની વાત પુત્રને જણાવી જીવનનો અંત લાવી દે છે.

'એક પત્ર' વાર્તાની વિધવા નાયિકા પતિ વગરનાં જીવનમાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરે છે. એકલતા અને ખાલીપાની સ્થિતિમાં તેનામાં અફસોસ, એકલતા, પીડા અને ક્રોધ જેવા અન્ય ભાવો પણ ઉજાગર થાય છે. જેમાં એની હતાશા પોષાતી જઈને તીવ્ર બનતી જાય છે. 'બળતો બપોર' વાર્તાની ગૃહિણી વર્ષો પછી આવનારાં મહેમાનો તરફથી તે પ્રસંશાના બે બોલ સંભાળવા આતુર છે. એ પળોને પામવા તે અધીરી છે. તીવ્ર ઇચ્છાના આવેગની ક્ષણોમાં તે મહેમાન આવીને જતા રહ્યાના સમાચાર સાંભળે છે. હતાશાની ભાવના ટોચ પર પહોંચતાં એની આંખમાં આંસુનો દરિયો ઊભરાયો હોય એવી એની સ્થિતિ બની રહે છે.

'તારાછાયી રાત', 'માધવ અને કુસુમી' અને 'વિદાય' વાર્તામાં પ્રિયતમના સાથને ઝંખતી નાયિકાઓ છે. આ વાર્તાઓમાં પ્રણયમાં નિષ્ફળતા મળવાથી અનુક્રમે અલકા, કુસુમી અને ગોપિકાની હતાશાને વર્ણવાઈ છે. અલકા સુખ-દુઃખની સ્થિતિમાં વિનયનો સાથ ઝંખે છે. એ મુજબ ન થવાથી ઇચ્છાભંગની સ્થિતિમાં તે એ સ્થળ અને પાત્રને છોડી ત્યાંથી જતી રહે છે. કુસુમી પણ પોતાને અન્ય જગ્યાએ લઈ જઈ નવું જીવન શરૂ કરવા માધવને આજીજી કરતી જોવા મળે છે. કાવ્યરસિક ગોપિકા

હતાશાને કારણે મનોમન ઉદાસ બનતી અને આંસુ સારતી જોવા મળે છે. 'તમે એક વર્ષ પહેલાં કેમ ન આવ્યા?' આ વાક્યનાં પુનરાવર્તનમાં ગોપિકાની પ્રણયવેદના ઉજાગર થાય છે.

'વધુ ને વધુ સુંદર' વાર્તામાં સ્વતંત્રતા છીનવાતાં હતાશ બનેલી પુષ્પામાં ઘૃણા, ક્રોધ અને પીડા જેવા ભાવ ઉદ્દીપ્ત થાય છે. સાસુ અને પતિના મૃત્યુ પછીની એકલતા એને ડંખે છે. 'મુક્તિ' વાર્તામાં પુત્રના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રયત્ન કરતી માતાને પુત્રનો સાથ મળતો નથી. આ સ્થિતિમાં ઉદ્દીપ્ત થતાં નકારાત્મક વિચારોમાં તેને કાલ્પનિક ભય સતાવે છે. 'ઉષ્મા' વાર્તાની વૃદ્ધ નાયિકા એકલતા, ખાલીપો અને પરિવારની ઉપેક્ષાના કારણે મનોમન દુઃખી છે. આમ, આ જૂથની વાર્તાઓનાં સ્ત્રીપાત્રોની હતાશા માટેનાં કારણોમાં વિવિધતા જોવા મળે છે.

'પ્રિયતમનાં લગ્ન' વાર્તામાં સ્વપ્નાધીન બનેલી નાયિકા માટે ક્યારેય ન કલ્પેલું વાક્ય સાંભળવાથી તે ટૅલિફોન પર ક્રોધે ભરાય છે. ટૅલિફોનને પછાડવાનું મન તેને થાય છે. આ સ્થિતિમાં પોતે બેહોશ થઈને પડી જશે એમ તે અનુભવે છે. 'પ્રથમ રાત્રિએ' વાર્તામાં સાસરીના નવા પરિવેશમાં એકલતા અનુભવતી મંજુને બધું જ પારકું લાગે છે. જે એની હતાશાને ઉજાગર કરે છે. 'ડહેલિયાનું ફૂલ' વાર્તામાં પતિના વર્તનને લઈને હતાશા અનુભવતી સોમા છે. હતાશા અસહ્ય બનતાં તે રડી પડે છે.

'માર્ગ ક્યાં છે?' અને 'હરિ આવન કી આવાજ' વાર્તાની સુનંદા અને કેટી આર્થિક રીતે સુખીસંપન્ન છે. બંને લગ્નનાં બંધનમાંથી મુક્ત થઈ શકતી નથી. જીવનમાં એકલતા અને ખાલીપો વ્યાપેલો હોવાથી દુ:ખી છે. ઉદાસ ચહેરે ધીમા અવાજે બોલતી સુનંદા અને કેટીમાં એમની હતાશા ડોકિયું કરે છે. 'શોધ' વાર્તામાં મધુસૂદનને એકતરફી પ્રેમ કરતી સુનાલીની પ્રણયનિષ્ફળતા એની હતાશાનું કારણ બને છે. 'નવું ચિત્ર' અને 'મનુષ્ય થવું' વાર્તાની નાયિકાઓ ભૌતિકતાના સુખમાં એકલતા, ખાલીપો, ઉદાસી અને શિથીલતા અનુભવે છે. જે એમની હતાશાનું કારણ બને છે. 'સંબંધ' વાર્તાની નિરંકા નાનકડા પુત્રના મુખે જયારે 'મારે નવો બાપ નથી જોઈતો.' વાક્ય સાંભળે છે. એના મનમાં સમાજે પુરુષોને આપેલી સ્વતંત્રતા અને સ્ત્રી માટે નક્કી કરાયેલાં બંધનોને લઈ વિચારો જાગે છે. જે એની હતાશાના સંઘર્ષને પોષે છે.

જતીનને સુધારવા મથતી ‘સ્નેહધન’ વાર્તાની વિધવા ફોઈને પણ કોઈ પરિણામ મળતું નથી. તે હતાશ થઈને જતીન સાથે ધીમા અવાજે બોલતી જોવા મળે છે. ‘છબી’ વાર્તાની નાયિકા જીવનના અસંતોષને કારણે મનોમન અકળાતી અને અન્ય પ્રત્યે ગુસ્સો કરતી જોવા મળે છે. અપેક્ષાભંગની સ્થિતિમાં તે સમતોલન ખોઈ બેસવાનો અનુભવ કરે છે. આમ, આ જૂથમાં હતાશા ઉદ્દીપ્ત થવા માટેનાં કારણોની વિવિધતા જોવા મળે છે. આ સાથે તેની તીવ્રતા મુજબ વિવિધ અસરો અનુભવતાં પાત્રો આપણને જોવા મળે છે.

## જૂથ ૨ - ઇચ્છા સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

ઇચ્છા ભાવના એ વ્યક્તિનો મનગમતું મેળવવાનો ભાવ છે. કોઈ વસ્તુ, પરિસ્થિતિ કે વ્યક્તિ પ્રત્યેનું તીવ્ર આકર્ષણ કે જેને મેળવવાની ઝંખના વ્યક્તિમાં જન્મે છે. એ ઝંખના એટલે ઇચ્છા. જીવનમાં ઇચ્છિત વસ્તુને પામવા વ્યક્તિ સતત પ્રયત્નશીલ રહે છે. જે મળતાંની સાથે જ તે પરમ તૃપ્તિ અનુભવે છે. આ ભાવનાની તૃપ્તિમાં વ્યક્તિના ચહેરા પર હાસ્ય, શરીરમાં સ્ફૂર્તિલાપણું અને આનંદ જેવા લક્ષણો જોવા મળે છે. જયારે એમાં નિષ્ફળતા મળે ત્યારે એ વસ્તુને ન પામી શકવાનો અસંતોષ જન્મે છે. જે તેને નિરાશ કરે છે. આમ, ઇચ્છા એ વ્યક્તિ માટે દુઃખનું કારણ બને છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓનો અભ્યાસ કરતાં હતાશા બાદ બીજા ક્રમે ઇચ્છા ભાવના સાથે સંઘર્ષ કરતાં સ્ત્રીપાત્રો જોવા મળ્યાં છે. એમનાં તમામ વાર્તાસંગ્રહોમાંથી ‘અતૃપ્તિ’, ‘દાદાજી! ઓ દાદાજી!’, ‘ચાર પત્રો’, ‘સાથ’, ‘તો?’, ‘અવકાશ’, ‘અનુભૂતિનો એક ખંડ’, ‘સૂર’, ‘દિવાળીના દીવા’, ‘ઓછાયો’, ‘હું પુકારું તો સાંભળશે કોણ?’, ‘દરિયાની સાક્ષીએ’, ‘ઢોળાયેલી સુગંધ’, ‘વંચિત કરીને’, ‘જવા દઈશું તમને’, ‘આજે સવારે’ અને ‘મારે એક મિત્ર છે’ જેવી વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનો ઇચ્છા ભાવના સાથેનો સંઘર્ષ જોવા મળ્યો છે. આ જૂથમાં ઇચ્છા ભાવનાના કારણે સંઘર્ષ અનુભવતાં સ્ત્રીપાત્રોની વાત કરાઈ છે.

- ‘અતૃપ્તિ’ (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નંદુની મુલાકાતો દ્વારા મનોરમાનું વાત્સલ્ય એના તરફ ઢળતું જાય છે. એ બાળકને હવે ઘરમાં સ્થાન મળે એમ ઇચ્છે છે. બંનેની આર્થિક અસમાનતા એ માટે બાધારૂપ બને છે. એ જ કારણે સાસુ એને નંદુ સાથેના સંબંધો બાબતે ટોકે છે. જે એનામાં હતાશા જન્માવે છે. જે આ વિધાનમાં જોવા મળે છે: "મનોરમા થોડીવાર સ્તબ્ધ બનીને બેસી રહી... એ વાત એ કોને સમજાવે ? (પૃ. ૫૪)

એક તરફ સમાજે ઊભા કરેલા ભેદભાવ છે તો બીજી તરફ એનું માતૃહૃદય માત્ર નંદુને ઝંખે છે. આ સ્થિતિમાં એના ભાવવિશ્વમાં ઊઠતા વિચારોમાં હતાશા વધુ ઘેરી બને છે. નંદુ બીમાર છે એ જાણ્યા પછી પણ એને ન મળી શકવાને કારણે તેની હતાશા, હવે પીડામાં ફેરવાય છે. વાર્તાકારે એની પીડા વર્ણવતાં નોંધ્યું છે કે: "મનોરમાનું હૈયું જાણે છાની ચીસ પાડી ઊઠ્યું... હૈયાએ તરફડાટ કરી મૂક્યો." (પૃ. ૫૬)

નંદુના સ્વરૂપે આનંદ આપનારી બારી હવે બંધ થઈ છે. એક સામાન્ય લાગતી બારી મનોરમાના  ભાવનાત્મક સંઘર્ષ માટે અહીં ઉદ્દીપક બની છે. એ બારી વિશે વાર્તાકારે લખ્યું છે કે: "હવે એ બારી ક્યાં હતી? એ તો હતી કાળમીંઢ દીવાલ!" (પૃ. ૫૭)

સમગ્ર વાર્તામાં બારીને મધ્યમાં રાખીને વાર્તાકારે મનોરમાના પીડાને વર્ણવી છે. જેના ઉદ્ભવ પાછળ મુખ્ય કારણ તો મનોરમાને નંદુને પામવાની અદમ્ય ઇચ્છા છે. ઇચ્છાનો અસંતોષ જ એનામાં હતાશા, પીડા જેવા ભાવોને ઉદ્દીપ્ત કરે છે. અહીં ઇચ્છા જ એના ભાવનાત્મક સંઘર્ષ માટે કારણભૂત બની રહે છે.

- 'દાદાજી! ઓ દાદાજી!' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

આજીવન દાદાજી સાથે જ રહેવાની કલ્યાણીની ઇચ્છા છે. 'દીકરી તો સાસરે જ શોભે' એવી સામાજિક પરંપરા અને જીદુનાથની વૃદ્ધાવસ્થાના કારણે તે શક્ય બનતું નથી. અસહાય પરિસ્થિતીમાં એને લગ્ન માટે મજબૂર બનવું પડે છે. અહીં અનિચ્છાએ લગ્ન થતા હોવાથી કલ્યાણી હતાશ છે. એની

હતાશા વર્ણવતાં વાર્તાકારે નોંધ્યું છે કે: "પણ કલ્યાણી મૂંગી થઈ ગઈ છે... કાળી રાત જેવી ઉદાસી એના ચહેરાને છાઈ રહી છે." (પૃ. ૮૪)

દાદાજી સાથેના સંવાદમાં એની હતાશા ઘેરી બનતી જોવા મળે છે. લગ્ન સમયે એની તીવ્ર હતાશા હવે તીવ્ર પીડામાં ફેરવાય છે. આ વિધાનો તેની મન:સ્થિતિને ઉજાગર કરે છે: "કલ્યાણીની આંખોમાંથી ધારા નીતરી રહી હતી... બીજો કોઈ માર્ગ મળ્યો નહિ." (પૃ. ૮૬)

સ્ટેશન પર દાદાજી જેવા જ દેખાતા ફળવાળાને જોઈને એના મનમાં દાદાજીની યાદ ઘેરી બને છે. અહીં વાર્તાકારે કરેલું ફળવાળા વૃદ્ધનું વર્ણન અને સંવાદ કલ્યાણીની તીવ્ર પીડા માટે ઉદ્દીપક બની રહે છે. ઇચ્છાના આવેગને રોકી ન શકતી કલ્યાણી દાદાજીને મળવા વ્યાકુળ થઈ ઊઠે છે. જે એની પીડાને ચરમ સીમાએ પહોંચાડે છે.

કલ્યાણીના લગ્ન હવે અનિવાર્ય છે. એ વાતે જીદુનાથ પણ હતાશ થાય છે. કલ્યાણીના વિદાય પ્રસંગે દુ:ખી જીદુનાથની હતાશા તીવ્ર પીડામાં પરિણમે છે. એની મનોવ્યથા આ વિધાનોમાં અનુભવાય છે: "લગ્નની વિધિ સમાપ્ત થઈ... એની આંખે અંધારાં આવવા લાગ્યાં. (પૃ. ૮૬)

અંતમાં કલ્યાણી વગરનાં ઘરમાં વ્યાપેલો સૂનકાર જોઈ જીદુનાથની પીડા ચરમસીમાએ પહોંચતી જોવા મળે છે. અહીં કલ્યાણી અને જીદુનાથની એકબીજા સાથે રહેવાની પ્રબળ ઇચ્છા છે. જે તૃપ્ત ન થતાં બંનેમાં હતાશા અને પીડા ઉદ્દીપ્ત થાય છે. સાથે રહેવાની બંનેની ઇચ્છા સંઘર્ષનું કારણ બને છે.

- 'ચાર પત્રો' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

અદિતિનું મન મુક્તિની શોધ માટે તલસે છે. એની એ જ મહેચ્છા છે. આનંદનો પત્ર મળવાથી એની એ ઇચ્છા જાગૃત થઈ છે. અહીં અદિતિને સંન્યાસ માર્ગે વળવાનું આહ્વાન કરતો આનંદનો પત્ર ઉદ્દીપક સ્વરૂપે રજૂ થયો છે. મુક્તિને ઝંખતું તેનું મન હવે તેની તરફ ખેંચાય છે. આનંદ સાથે તો માત્ર આંખની ઓળખ છે. એના માત્ર એક ઈશારે અનિરુદ્ધ સાથેના એના વર્ષોના પ્રેમસંબંધોનો

અંત આવ્યો છે. આ વિધાનોમાં તેનો સંઘર્ષ છતો થાય છે: "દિવસના કોલાહલમાં હું... રોશની વચ્ચે અથડાઉં છું." (પૃ. ૧૬૯)

અનિરુદ્ધને પણ એણે નાનપણથી ઝંખ્યો છે. એ પણ તેના જીવનની ચાહ છે. પત્ર મળતાં જ આ બેમાંથી કોને સ્વીકારવું? તે માટેની અદિતિની મથામણ અહીં જોવા મળે છે. આ મથામણ એનામાં પીડા જન્માવે છે. જે આ વિધાનોમાં જોવાય છે: "એક ન સમજાય તેવી... આકરો વિચ્છેદ શા સારુ?" (પૃ. ૧૭૧)

અહીં અદિતિનું મન તો માત્ર મુક્તિને જ ઝંખે છે. અનિરુદ્ધ પણ એના જીવનની ચાહ છે. મુક્તિની આ મથામણમાં ઇચ્છાના કારણે જ એની પીડા જોવા મળે છે. સમગ્રતયા અહીં ઇચ્છાનો સંઘર્ષ જોવા મળે છે.

- 'સાથ' (કાગળની હોડી, ૧૯૭૮)

પરણ્યા પછી દેરાણીને સાસરીમાં જેઠાણીનો પ્રેમ અને હૂંફભર્યો સાથ મળ્યો છે. સુખ દુઃખની દરેક અનુભૂતિમાં બંને સાથે રહ્યાં છે. જેઠાણીના લગ્નને પાંચ વર્ષ થવા છતાંય હજી તેની કૂખ સૂની છે. દેરાણીને વરસમાં જ સારા દિવસો રહે છે. સગર્ભાવસ્થાની સ્થિતિમાં તે શારીરિક પીડા અનુભવે છે. આ બોજના આનંદ અને પીડામાં જેઠાણી પણ સાથે હોય એમ તે ઇચ્છે છે. તે તેના સાથને ઝંખે છે. જેઠાણીને આ બાબતે કોઈ જ અનુભવ ન હોવાથી તે એને મદદ કરી શકતી નથી. જેના કારણે તેનામાં હતાશા ઉદ્દભવે છે. જેઠાણીના સાથ વગરની એકલતામાં એના મનમાં અનેક વિચારો ઉદ્દીપ્ત થાય છે. જે એનામાં ક્રોધ અને પીડાનાં ભાવને જાગ્રત કરે છે. તેનાં ભાવસ્પંદનો આ વિધાનોમાં આલેખાયા છે: "સૌથી માટી બીકની ઘડી આવી... અંકિત કરતાં જવું જોઈતું હતું." (પૃ. ૩૮)

અહીં સગર્ભાવસ્થાની સ્થિતિમાં પણ જેઠાણીનાં સાથને ઝંખતી દેરાણી છે. તેનો સાથ ન મળવાથી તે હતાશા, ક્રોધ અને પીડા અનુભવે છે. આ ભાવો ઉદ્દીપ્ત થવાનું મૂળ કારણ એની જેઠાણીના સાથની ઇચ્છા છે. માટે એનો ઇચ્છાનાં કારણે સંઘર્ષ જોવા મળે છે.

- ‘તો?’ (કાગળની હોડી, ૧૯૭૮)

બાંગલાદેશની પાશવલીલાના સમયમાં સુજાતા પરિવારથી વિખૂટી પડી ગઈ છે. જીવ બચાવીને નાસી છૂટેલી સુજાતા આ સ્થિતિમાં હતાશ છે. તેનું વર્ણન જ એની મનઃસ્થિતિને ઉજાગર કરે છે: “ફિક્કું મોં, ઉદાસ, હંમેશા પાણીથી ભરેલી આંખો... તેની તેને ખબર પણ નહોતી.” (પૃ.૧૯૭)

રાહત છાવણીમાં સહારો લઈ રહેલી સુજાતાને ભૂતકાળ યાદ આવે છે. પોતે એક સુખી સંપન્ન પરિવારની વહુ હતી. વર્તમાન સમયની એની લાચારીનો અનુભવ એની હતાશાને વધુ ઘેરી બનાવે છે. પતિ સુધીર સાથેનું જીવન આર્થિક રીતે સુખી હતું. તેનાં આધિપત્યને કારણે ઇચ્છાઓનું દમન કરવું પડ્યું હતું. પોતાને એક દીકરી હોય એવી એની ઇચ્છા છે. સુધીર દીકરીને બોજ માનતો તેથી એની મહેચ્છા અપૂર્ણ રહી હતી. આ કારણે એનામાં હતાશા ઉદ્દીપ્ત થાય છે. જે આ વિધાનોમાં વ્યક્ત થતી જોવા મળે છે: “જીવનના બહુ મોટા ભાગનો ઇનકાર કરીને જીવવાની.... આત્મતૃપ્તિનું માધ્યમ.” (પૃ. ૨૦૭)

લૂંટફાટ અને અત્યાચારના એ સમયમાં પોતે અને અન્ય સ્ત્રીઓ હવસખોર પુરુષના શિકાર બને છે. આ સ્થિતિમાં હુસેન તેની પત્નીને તરછોડે છે. એની વ્યથા જોઈને સુનંદા પીડાય છે. તે તેને ગર્ભના નિકાલ માટે મદદનું આશ્વાસન આપે છે. હુસેનની પત્ની એને સામો પ્રશ્ન કરતાં પૂછે છે કે ‘શું તમે પણ એનો નિકાલ કરશો?’ આ સાંભળી એ અસમંજસની સ્થિતિમાં મૂકાય છે. યુદ્ધમાં તેનું બધું જ હોમાઈ ગયું છે. ગર્ભમાં દીકરીની આશા સાથે હવે જીવન જીવવાની એક દિશા મળી છે. તે વિચારે છે કે: “પોતે સદાય જેની ઝંખના કરી હતી તેવી, કુમળી કુમળી, ભોળી આંખોવાળી છોકરી હશે તો?” (પૃ. ૨૧૧)

આ વિધાનોમાં એની ઇચ્છાનો ભાવ દૃશ્યમાન થાય છે. સમગ્રતયા જણાય છે કે દીકરીની ઇચ્છાને કારણે જ એની હતાશા અને પીડા ઉદ્‌ભવી છે. અહીં સુજાતાનો ઇચ્છાભાવને કારણે સંઘર્ષ જોવા મળે છે.

- ‘અવકાશ’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

અપૂર્વ જ્યારે પૂર્વીને 'સેક્રેટરી' તરીકે સંબોધે છે ત્યારે એ ઉપનામ એને ડંખે છે. એને પોતાનું સ્વમાન હણાતું લાગે છે. આ સ્થિતિ એનામાં હતાશા ઉત્પન્ન કરે છે. જે તેના આ વિચારો દ્વારા વ્યક્ત થઈ છે: "સેક્રેટરી હોવું એ શું બહુ ગૌરવની વાત હતી?... એવું અપૂર્વને કોણે, ક્યારે, ક્યાં કહેલું?" (પૃ. ૧૩) બહેનપણીની મુલાકાત દ્વારા તેને સ્વજાગૃતિ થાય છે. હવે પૂર્વી ઘરમાં પોતાનું સ્થાન અને સ્વની ઓળખ શોધવા મથે છે. તેને પોતાની દબાઈ ગયેલી ઇચ્છાઓનું સ્મરણ થાય છે. તેના વિચારોમાં, મનોમંથનમાં એ ઇચ્છા તીવ્ર બને છે. તે વિચારે છે કે: "જિંદગીમાં મારે શું કોઈના સેક્રેટરી થવું હતું?... મારા જીવનની સાર્થકતા મને કયા કામમાંથી મળવાની છે?" (પૃ. ૧૩)

અત્યાર સુધી સુષુપ્ત રહેલી એની ઇચ્છાઓ હવે સજીવન થઈ ઊઠે છે. એ ઇચ્છાને પૂર્ણ કરવા માટે તે તત્પર બને છે. પતિ સાથે એના મિત્રો જમવા આવવાના છે તે જાણી તે અસમંજસની સ્થિતિમાં મૂકાય છે. આ સ્થિતિમાં એની હતાશા ઘેરી બને છે. એકબાજુ પત્ની તરીકેની ફરજ છે તો બીજી બાજુ પોતાની ઇચ્છા. વાર્તાકાર પૂર્વીની આ સ્થિતિ વર્ણવતાં લખે છે કે: "તે ઘરનાં ઉંબર પર આવીને ઊભી રહી. એક પગ અંદર, એક બહાર. અંદર રહેવાનું મન નથી, બહાર જવાય તેમ નથી." (પૃ. ૧૧)

આ વાર્તામાં અપૂર્વની વિચારધારા પૂર્વીમાં હતાશા જન્માવે છે. જેના કારણે તે સ્વની શોધ કરે છે. આ મથામણમાં એની ગર્ભિત ઇચ્છાઓ જાગૃત થાય છે. ત્યારપછીના વર્તનમાં એની દબાયેલી ઇચ્છાઓ રહેલી છે. અહીં પૂર્વી એની ઇચ્છાના કારણે સંઘર્ષ અનુભવતી જોવા મળે છે.

- 'અનુભૂતિનો એક ખંડ' (જવા દઈશું તમને, ૧૯૮૩)

બીમારીને કારણે નિ:સહાય બનેલી નાયિકા સારવાર હેઠળ છે. પાણી પીવાની એની તીવ્ર ઇચ્છા છે. ડોકટરના સૂચન મુજબ તેને બિલકુલ પાણી આપવાનું નથી. તે પાણી વગર તરફડે છે. એનાં મનમાં ઉદ્દભવતાં વિચારોમાં એની તીવ્ર પીડા જોવા મળે છે. જે આ વિધાનોમાં વ્યક્ત થઈ છે: "પણ પોતાનું શું થશે?... કોઈ જળ કાંઠાને શોધતા વિખરાઈ જશે." (પૃ. ૨૭)

જીવનમાં પોતે જે સંઘર્ષ કર્યો હતો તે બધું તેને વ્યર્થ લાગે છે. ડોકટરના આદેશને અનુસરતા સ્વજનો પર તે મનોમન ક્રોધે ભરાય છે. જેનાં માટે આખું જીવન સમર્પિત કર્યું હતું તે સ્વજનોનાં સંબંધો એને વ્યર્થ લાગે છે. જેનાં કારણે તે સ્વજનો પ્રત્યે મનોમન ઘૃણા પણ અનુભવે છે.

નાયિકાનાં માનસપટમાં ઉદ્દભવતાં વિચારોમાં એનો ક્રોધ, ધૃણા અને પીડા સાથેનો સંઘર્ષ જોવા મળે છે. આ બધાનાં મૂળમાં એની પાણી પીવાની અદમ્ય ઇચ્છા જ છે. માટે નાયિકાનો ઇચ્છા સાથેનો સંઘર્ષ છે.

- 'સૂર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

ધોધમાર વરસતા વરસાદમાં નાયિકાને મૃત્યુ પામેલ પતિનું સ્મરણ થાય છે. વરસાદમાં ભીંજાઈને બીમાર પડવાથી દીપનનું મૃત્યુ થયું હતું. અહીં વરસાદ એક ઉદ્દીપક બની એની હતાશાને જાગ્રત કરે છે. એની સાથે વિતાવેલી ક્ષણો યાદ કરતી નાયિકા દીપનને પોતાની આસપાસ જ અનુભવે છે. એવો આભાસ એનામાં ભયને ઉદ્દીપ્ત કરે છે. જેના કારણે તે સંઘર્ષની સ્થિતિમાં મૂકાય છે. એની મનઃ સ્થિતિ વર્ણવતાં આ વિધાનો જુઓ: "શરૂ શરૂમાં તો રાતે ઘણીવાર... તો અમસ્તું. ખાલી આભાસ." (પૃ. ૧૧૨)

પાડોશી તરીકે અજાણ્યા પુરુષનું આવવું, એમાં પતિની છબી જોવી, પુરુષનું પતિ જેવા જ રાગમાં દિલરુબા વગાડવું જેવા આભાસમાં એનો ભય પોષાય છે. જયારે તે સભાન બને છે ત્યારે રૂમનું દૃશ્ય જોઈને તીવ્ર ભય અનુભવે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "ધીમા પગલે તે બહારના ખંડમાં ગઈ... સૂરજ આથમ્યા પહેલાંની પીળી ચમકવાળી સાંજ ફરી ફેલાઈ ગઈ હતી." (પૃ. ૧૧૪)

અહીં દીપનના મૃત્યુ પછી પણ તેની યાદો નાયિકાના મનમાં કાયમ છે. તે એને ઝંખે છે. વરસતો વરસાદ એ ઝંખનાને પોષવાનું કાર્ય કરે છે. જેના કારણે તેને દીપનની નિકટતા અનુભવાય છે. જે એનામાં ભયને ઉદ્દીપ્ત કરે છે. પતિનો સાથ પામવાની ઇચ્છાના કારણે એનો ભય સાથેનો સંઘર્ષ છે.

- 'દિવાળીના દીવા' (જવા દઈશું તમને, ૧૯૮૩)

દિવાળીના તહેવારમાં નાયિકાને બાળકો મળવા આવતાં. જેનાં કારણે નાયિકા અલૌકિક આનંદ અનુભવે છે. એને લાગે છે કે આ આનંદ સાથે જ એ જીવનનાં અંત સુધી જીવી શકશે. સમય વીતતાં સંબંધો ઝાંખા પડ્યા છે. હવે કોઈ મળવા આવતું નથી. નિવૃત્ત જીવનમાં તેને હવે એકલતા ડંખી રહી છે. સૂના ઘરમાં તે ખાલીપાનો અનુભવ કરે છે. જેના કારણે તેનામાં હતાશાનો ભાવ ઉદ્દીપ્ત થાય છે.

જે આ વિધાનોમાં વર્ણવાઈ છે: “ઘરમાં ધીરે ધીરે જે ખાલીપણું… ખાલી થઈ ગયાની નિશાની છે.” (પૃ. ૧૪૭)

વૃદ્ધાવસ્થાની એકલતાના વિચારોમાં એની હતાશા ઘેરી બનતી જાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: “તેને યાદ આવ્યું… લાંબા લાંબા રસ્તા પર કોઈનાં જોડે ન ચાલતાં ચરણ….” (પૃ. ૧૪૮) બાળકો ક્યારેક તો મળશે જ એવો તેને આત્મવિશ્વાસ છે. જેના કારણે તે દર દિવાળીએ પહેલાંની જેમ જ ઘર સજાવતી રહે છે. ઘરની સજાવટનું વર્ણન અહીં એની ઇચ્છાના ભાવને ઉદ્દીપ્ત કરવામાં સહાયક બનતું જોવા મળે છે. અંતમાં આ વર્ષે પણ કોઈ મળવા ન આવતાં તેની હતાશા તીવ્ર બને છે. જે આ વિધાનો દ્વારા નિરૂપાઈ છે: “ઉદાસ વિચારોમાં તે દૂર સુધી ચાલતી રહી… ચાલ્યા જ કર્યું.” (પૃ. ૧૪૯)

નાયિકાની હતાશામાં મૂળ બાળકોને મળવાની આશા છે. એકલતાની સ્થિતિમાં પણ એની એ આશા ડગતી નથી. અહીં એની ઇચ્છાનો ભાવ જોવા મળે છે. જે તૃપ્ત ન થવાથી તે સંઘર્ષ અનુભવે છે.

- ‘ઓછાયો’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

મિત્ર તુહીન સાથે મૂર્તિઓ જોવાના હેતુસર ગેલેરીમાં ગયેલી સતી ત્યાં વિતાનને જુએ છે. જેની સાથે કૉલેજકાળમાં તેણે નૃત્ય કર્યું હતું. વિતાન સાથે રહેલી સ્ત્રી તેની જવાબદારી સતીને સોંપી ત્યાંથી જતી રહે છે. અસહાય વિતાનને જોઈ એ પીડા અનુભવે છે. વિતાનની દરિદ્રતાનું વર્ણન સતીને ભાવનાત્મક બનાવવા માટેનું એક ઉદ્દીપક બની રહે છે. વિતાનની જવાબદારી હવે સતીના માથે છે. આ સ્થિતિમાં તે વિતાનને છોડી શકતી નથી. એના માટે કાંઈ જ ન કરી શકતી સતી હતાશા અનુભવે છે. તેની મન:સ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: “તુહિન પાસે પહોંચતા જ સતી… કંઈક તો કરવું જોઈએ.” (પૃ. ૧૬૯)

તુહીન વિતાનની દુષ્ટતા પારખી જાય છે. વિતાનને છોડી દેવા તે સતીને સમજાવે છે. સતીને તે ઉચિત લાગતું નથી. શું કરવું એની મથામણમાં એની પીડા અને હતાશાના ભાવ વધુ ઘેરા બનતા જોવા મળે છે. આ વિધાનોમાં તે સ્પષ્ટ જોવા મળે છે: “સતી મૂંઝાઈ ગઈ… પાકીટ ભોંય પર ફેંક્યું.” (પૃ. ૧૭૧)

વિતાનની દરિદ્રતા સતીમાં પીડાનો ભાવ ઉપજાવે છે. વિતાનને મદદ ન કરી શકતાં તે હતાશા અનુભવે છે. હતાશા અને પીડાના ભાવ પાછળ સમગ્રતયા અહીં વિતાનને મદદ કરવાની તીવ્ર ઇચ્છા જ છે.

- ‘હું પુકારું તો, સાંભળશે કોણ?’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

પ્રકૃતિપ્રીય મીના સહકર્મીઓ સાથે જંગલથી ઘેરાયેલા ડુંગર પર ચઢે છે. મીના અને સીના ત્યાં આવેલી એક અત્યંત મનોહર જગ્યાએ રોકાઈ જાય છે. સમય થઈ ગયો હોવાં છતાંય પતિ અને સાથીદારો મંદિરેથી પરત ફર્યા ન હતા. આ સ્થિતિમાં એનો ચિંતાનો ભાવ જાગ્રત થાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: “મીનાએ ઘડિયાળ ભણી જોયું; અને એકીવારે આખીયે... હજી આવ્યા કેમ નહિ?” (પૃ. ૨૦૧)

મિત્રોને શોધવા તે મંદિરની દિશામાં આગળ વધે છે અને જંગલમાં અટવાય છે. રસ્તો ભૂલી ગયાનો અહેસાસ થતાં જ તેનામાં ભય ઉદ્દીપ્ત થાય છે. અહીં ઘનઘોર જંગલનું આબેહૂબ આલેખન મીનાનાં ભયને જાગ્રત કરવા માટે ઉદ્દીપક બને છે. શરૂઆતમાં જે જંગલની રમણીયતા મીનાને એક અદ્દભૂત નીરવતાનો અનુભવ કરાવે છે તે જ હવે એના માટે બિહામણું બની જાય છે. આ સ્થિતિ એના ભયને પોષે છે. તેનો ભય દર્શાવતાં આ વિધાનો જુઓ: “હજુયે એ જ મેઘાચ્છન્ન આકાશ હતું... ઘડિયાળમાં ફરી તેની નજર પડી ને તેના હૃદયમાં ભયનો એક મોટો જુવાળ આવ્યો.” (પૃ. ૨૦૨)

જંગલમાંથી બહાર નીકળવાનો રસ્તો મળી જશે એવી આશાએ તે બંને આગળ વધતાં રહે છે. આ પ્રયત્નો નિષ્ફળ બનતાં એનો ભય વધુ ઘેરો બને છે. જે આ વિધાનોમાં ફલિત થાય છે: “તેણે સીનાનો હાથ મજબૂતીથી પકડ્યો ને જ્યાંથી આવ્યાં હતાં... પેલાં લોકો ત્યાં કદાચ ઉભા હોય.” (પૃ. ૨૦૨)

અહીં મીના જંગલમાંથી બહાર નીકળવાની આશાએ જ તેમાં વધુ ને વધુ અટવાતી જાય છે. જેના કારણે તે કાલ્પનિક ભય અનુભવે છે. અહીં એની ઇચ્છા જ એના ભયના સંઘર્ષનું કારણ બને છે.

- ‘દરિયાની સાક્ષીએ’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

બેલાને નીરવ સાથે પ્રેમ છે. તેની સાથે લગ્ન કરવા પણ ઉત્સુક છે. આ ખુશીની સાથે તેને પોતાની માતાનો ખ્યાલ આવે છે. મા પ્રત્યે તેને અનહદ પ્રેમ છે. પતિના છોડીને ચાલ્યા જવાનો ઘા તેણે દીકરીનાં સહારે સહી લીધો હતો. હવે દીકરી ચાલી જશે તો તે કોના આધારે જીવશે? લગ્ન થતાં જ માતાને છોડવી પડશે એ વિચાર એનામાં હતાશા ઉદ્દીપ્ત કરે છે. હંમેશા સ્ત્રીઓને જ શા માટે બલિદાન આપવું પડે છે? જેવા પ્રશ્નોથી તેની હતાશા તીવ્ર બને છે.

નીરવ અને મા, એ બંનેને તે પામવા ઇચ્છે છે. એ બંનેમાંથી કોને સ્વીકારવું એ બાબતે તે મનોમંથન અનુભવે છે. આ મથામણમાં એની હતાશા તીવ્ર બને છે. નાયિકાની સંઘર્ષમય સ્થિતિને વર્ણવતાં વાર્તાકાર નોંધે છે કે: “તેને લાગ્યું, પોતે તળેટીમાં ઊભી છે... નીરવ પોતે આવી સ્થિતિમાં હોત તો તે શું કરત?” (પૃ. ૧૬)

બેલાનાં વિચારોમાં એના હૃદયનો ઝંઝાવાત જોઈ શકાય છે. સામાજિક નિયમો મુજબ લગ્ન કરનાર સ્ત્રીએ પિયરનું ઘર છોડીને સાસરીમાં જ રહેવું પડે છે. આવી વિચારધારાઓ માટે તે રૂઢિચુસ્ત સમાજ પ્રત્યે પણ ક્રોધ વ્યક્ત કરે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: “છોકરી ને જ શા માટે મા બાપ છોડીને જવાનું કહેવામાં આવે છે?... પુરાણો પર જીવતા આ દેશમાં લખી શકાય પણ નહિ.” (પૃ. ૧૬)

અહીં, બેલાની નીરવ અને માતા બંનેને પામવાની તીવ્ર ઇચ્છા છે. એ ઇચ્છા તૃપ્ત ન થવાથી તેનામાં હતાશા અને ક્રોધ જેવી ભાવનાઓ ઉદ્દભવે છે. સમગ્રતયા બેલાનો ઇચ્છા સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- ‘ઢોળાયેલી સુગંધ’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

અવૈધ સંબંધની નિશાનીરૂપે જન્મેલી દીકરી પલ્લીને નાયિકા અનાથાશ્રમમાં મૂકી આવે છે. પલ્લી એની નજર સામે જ રહે તે હેતુથી તે જ અનાથાશ્રમમાં નોકરી મેળવી લે છે. ઓફિસના સમયમાં સાથે રહી તે એને માતાનો ભરપૂર પ્રેમ આપે છે. ત્યારબાદના સમયમાં તેને હંમેશા પલ્લીની ચિંતા સતાવે છે. એન.આર.આઈ નિ:સંતાન દંપતિની પલ્લીને દત્તક લેવાની સ્થિતિમાં તે પીડાનો ભાવ

અનુભવે છે. એ અજાણ્યા લોકો વિશે એના મનમાં નકારાત્મક વિચારો જાગે છે. આ વિધાનો જુઓ: "એ લોકો પલ્લીને પ્રેમ... જેમ જાળવશે?" (પૃ. ૪૦)

પોતે કરેલી એક ભૂલનું પરિણામ માસૂમ દીકરીને ભોગવવું પડે છે. પોતાના સ્વાર્થને કારણે જ આજે આ સમય આવ્યો છે. તેમ અનુભવતી નાયિકાનો પીડા સાથે અફસોસ પણ જોવા મળે છે. તેનું વ્યથિત હૃદય પોકારી ઊઠે છે કે: "ઓ નિષ્પાપ નિ:સહાય કન્યા!... તારાં આંસુ હું શી રીતે પરોવી શકીશ?" (પૃ. ૪૧)

દીકરીને બીજાના હાથમાં સોંપવા તેનું મન તૈયાર થતું નથી. પોતે એની મા હોવા છતાંય એના માટે કશું જ કરી શકતી નથી. તે વ્યથા એને કોરી ખાય છે. એના માનસપટ પર ઊઠતાં સકારાત્મક અને નકારાત્મક વિચારોમાં એની પીડા પોષાતી રહે છે. એ આ વિધાનો દ્વારા વ્યક્ત થતી જોવા મળે છે: " એક એક ઘડી... આજે પકડી રાખવા ઇચ્છે છે તે પણ પોતાને માટે જ." (પૃ. ૪૨)

નિ:સંતાન દંપતિને દીકરી સોંપવાની ઘટનામાં નાયિકાની ચિંતા, પીડા અને અફસોસ જેવા ભાવો ઉદ્દભવે છે. તેનું મુખ્ય કારણ દીકરીને પોતાની સાથે રાખવાની પ્રબળ ઇચ્છા જ છે. અહીં ઇચ્છાનો સંઘર્ષ છે.

- 'વંચિત કરીને...!' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

ગામની મુસાફરી દરમ્યાન પાર્વતીને ફરીથી અમરની યાદ તાજી થાય છે. એની સાથે જીવન વ્યતિત કરવાના કોડ એણે રાખ્યા હતા પણ પરણી શકી ન હતી. આ વાતનો એને વસવસો છે. બધી રીતે સુખી હોવાં છતાંય, હૃદયનાં કોઈક ખૂણામાં અમરની યાદ સચવાઈને પડી છે. જીવનમાં એક વખત એને મળી લેવાની ઝંખના સાથે તે હતાશાનો ભાવનાત્મક સંઘર્ષ અનુભવે છે. તેની મન:સ્થિતિ દર્શાવતાં આ વિધાનો જુઓ: "જેની સાથે લગ્ન થયાં હતાં, તેનો ચહેરો... હૃદયને કંપાવી રહી હતી." (પૃ. ૧૬૩)

પાર્વતીનો અમરને ન પામ્યાનો અસંતોષ તેને ડંખી રહ્યો છે. તેની મન:સ્થિતિ પરથી તે ફલિત થાય છે. એનાં વિચારો, ભૂતકાળની યાદ વગેરેને કારણે એનો સંઘર્ષ ઘેરો બનતો જાય છે.

અમરને એકવાર મળી લેવાની ઇચ્છા જ એના સંઘર્ષનું કારણ બની છે. તેની ઇચ્છા સાથેનો સંઘર્ષ અહીં જોઈ શકાય છે.

- 'જવા દઈશું તમને...' (જવા દઈશું તમને, ૧૯૮૩)

માંદગીને કારણે પથારીવશ બનેલી નાયિકા ઘરનાં સભ્યોની જીવનશૈલી અને વર્તણૂંક જુએ છે. એ પોતે જીવેલું જીવન યાદ કરે છે. પોતે જે રીતે જીવનને જાણ્યું અને માણ્યું હતું એવી દૃષ્ટિ રાખનાર ઘરમાં અન્ય કોઈ નથી. એ ખાલીપો નાયિકામાં હતાશાને ઉદ્દીપ્ત કરે છે. પરિવારજનો એની સેવા કરવાનો માત્ર દેખાવડો કરે છે. એની ઇચ્છા મુજબ કોઈ વર્તન કરતું નથી. આ કારણે એની હતાશા વધે છે. એની હતાશા આ વિધાનોમાં જોવા મળે છે: "મા પાસે બધાં વારાફરતી.... ખાલીપણું ક્યાં હતું." (પૃ. ૨૨૬)

પરિવારમાં એવું કોઈ નથી જે તેની ઇચ્છાઓ અને ભાવનાઓને સમજી શકે. મૃત્યુ હવે નજીક છે. એની અનંત યાત્રાએ જતાં પહેલાં તેની ભાવનાઓને સમજનાર કોઈ મળ્યું નથી. જીવનની અંતિમ પળોમાં એક નવા સંબંધનો ઉદય થાય અને મૃત્યુનો ભય આનંદમાં ફેરવાઈ જાય એવી તેની મહેચ્છા છે. તેની ઇચ્છા વ્યક્ત કરતાં આ વિધાનો જુઓ: "જીવનભર મેં સૌંદર્યને... ખંડિત નહિ થવા દઉં." (પૃ. ૨૨૭)

આમ, જીવનને માણનાર નાયિકા મૃત્યુને પણ ખંડિત કરવા ઇચ્છતી નથી. એ મુજબ ન થતાં તે હતાશ છે. જે એની ઇચ્છાના કારણે ઉદ્દભવી છે. તેની ઇચ્છા સાથેનો સંઘર્ષ અહીં વર્ણવાયો છે.

- 'આજે સવારે' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

નિ:સંતાન શાંતિલા સંતાનસુખને ઝંખે છે. પોતાની વ્યથા પતિને જણાવી શકતી ન હોવાથી તે અન્ય કારણોને લઈ તેના પર ક્રોધે ભરાય છે. એ માટે તે પતિના આળસુ સ્વભાવને મુદ્દો બનાવે છે. આ વિધાનોમાં એનો પતિ સાથેનો ક્રોધ જોવા મળે છે: "આટલાં બધાં વર્ષોથી તમારી બેદરકારીને પ્રેમથી સાચવતી આવી એની આ ફળશ્રુતિ... આ તમારું ઘર રાખો તમારી પાસે, હું ચાલી જઈશ..." (પૃ. ૯૬)

અંતમાં તેને પોતાના ક્રોધનું સાચું કારણ નાયક દ્વારા જાણવા મળે છે. વાર્તાકારે શાંતિલાની ઇચ્છાભાવની પુષ્ટિ કરવા માટે નાયક દ્વારા જ જણાવાયેલાં આ વિધાનો જુઓ: "વાત તો આટલી હતી ને શાંતુ!... આપણે એક આવો તુષાર નથી એની જ આ બધી અસ્વસ્થતા." (પૃ. ૯૮)

ઉપરોક્ત વિધાનો પરથી સમજાય છે કે અહીં, સંતાન માટેની ઇચ્છા એ જ મૂળ ભાવના છે. જેના કારણે એનો પતિ પ્રત્યેનો ક્રોધ ઉદ્ભવ્યો છે. જેના મૂળમાં શાંતિલાનો ઇચ્છા સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- 'મારે એક મિત્ર છે' (જવા દઈશું તમને, ૧૯૮૩)

પોતાના જેવો જ શોખ ધરાવનાર સ્ત્રીના જીવન વિશે વધુ જાણવાની ઇચ્છાથી નાયિકા એના ઘરે જાય છે. સ્ત્રીનો ભૂતકાળ જાણ્યા પછી તેને લાગે છે કે કદાચ તે સ્ત્રી પોતાના પ્રેમી અરુણની જ પત્ની હતી. આ સ્થિતિમાં નિયતીએ બંનેને સાથે લાવી દીધા હોવાનો અનુભવ તેને થાય છે. એનાં જીવનમાં પોતે વણાયેલી છે એ ભાસ થતાં તે કાલ્પનિક ભય પામે છે. મનમાં ઉદ્ભવતા પ્રશ્નોના કારણે તેનો ભય પોષાતો રહે છે. એની સંઘર્ષમય સ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: "હું સાંગોપાંગ કંપી રહી... પાંદડાની જેમ ચકરાઈ રહી. એક નાના સ્ટૂલ પર બેસી જઈ મેં સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો." (પૃ. ૧૭૮)

અહીં નાયિકાને એ સ્ત્રી વિશે વધુ જાણવાની ઇચ્છા છે. સ્ત્રીની વાતો સાંભળીને મનમાં ઉદ્ભવતી કલ્પનાઓના કારણે ભય પામતી નાયિકાની સંઘર્ષમય સ્થિતિ અહીં જોવા મળે છે. એના કાલ્પનિક ભય પાછળ એ સ્ત્રી વિશે જાણવાની ઇચ્છા જ ભાગ ભજવે છે. એનો ઇચ્છાનાં કારણે સંઘર્ષ જોવા મળે છે.

જૂથ સમાપન

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓનાં સ્ત્રીપાત્રોમાં કોઈક ને કોઈક ગર્ભિત ઇચ્છાભાવ રહ્યો છે. જેને પામવાની મથામણ અહીં જોવા મળે છે. આ ઇચ્છાઓના કારણે જ પાત્રોમાં અન્ય ભાવનાઓ ઉદ્દીપ્ત થતી જોવા મળે છે. સમગ્ર વાર્તામાં જ્યારે ઊંડી નજર નાંખીએ ત્યારે સમજાય છે કે ક્યાંક ને ક્યાંક

ઇચ્છાભાવને વશ થઈને જ આ પાત્રોનો સંઘર્ષ ઉદ્દભવ્યો છે. વાર્તાકારે વિવિધ સમસ્યાઓનું નિરૂપણ કરીને સ્ત્રીપાત્રોની ઇચ્છાભાવનાને ઉજાગર કરી આપી છે. આ જૂથનાં સ્ત્રીપાત્રો કંઈક મેળવવા ઝંખે છે. જેને પામવા માટે તેઓ સંઘર્ષ કરતાં જોવા મળે છે. અહીં સ્ત્રીનો બાળક પ્રત્યેનો વાત્સલ્યભાવ, અન્ય પ્રત્યેનો પ્રેમભાવ, સ્વની ઓળખ માટેના પ્રયત્નો, અને વૃદ્ધાવસ્થાનાં જીવનની આકાંક્ષાઓનો સમાવેશ થયો છે. ઇચ્છાના સંઘર્ષ માટેનાં કારણો, એની તીવ્રતા અને અસરો વિશે અહીં વાત કરવામાં આવી છે. ચયન કરેલી વાર્તાઓમાંથી કુલ ૧૭ વાર્તાઓમાં ઇચ્છાના સંઘર્ષનું નિરૂપણ જોવા મળે છે.

પ્રેમ, વાત્સલ્ય, દયા, કરુણા, જેવા ભાવો અને માતૃત્વ એ ઈશ્વર તરફથી સ્ત્રીને મળેલ અણમોલ ભેટ છે. કોઈપણ બાળક પ્રત્યે વાત્સલ્યભાવ જાગવો એ સ્ત્રીની સ્વભાવગત લાગણી છે. આ જૂથમાં પણ ‘અતૃપ્તિ’, ‘ઢોળાયેલી સુગંધ’, અને ‘આજે સવારે’ જેવી વાર્તાઓ સ્ત્રીના વાત્સલ્યભાવને રજૂ કરે છે. ત્રણેય વાર્તાઓમાં સંઘર્ષ માટે બાળકને પામવાની તીવ્ર ઇચ્છા કારણરૂપ બની છે. ‘અતૃપ્તિ’ વાર્તાની નિ:સંતાન મનોરમાનો વાત્સલ્યભાવ એક ભિખારી બાળક નંદુ પ્રત્યે ઢળે છે. સમાજની અર્થવ્યવસ્થા તેમાં બાધારૂપ બને છે. ઇચ્છાભાવને કારણે સતત તે નંદુની ચિંતા કરતી અને તેને મળવા માટે વ્યાકુળ બનતી જોવા મળે છે.

‘ઢોળાયેલી સુગંધ’ વાર્તામાં અન્ય દંપત્તિ નાયિકાની પુત્રીને દત્તક લેવા તૈયાર થાય છે. પુત્રી પોતાની સાથે જ રહે એવી તીવ્ર ઇચ્છાને કારણે તે આ સ્થિતિને દૂર કરવા મથે છે. મનોમન પીડાતી, અફસોસ કરતી નાયિકા પુત્રીને અન્યના હાથમાં સોંપતા ધ્રૂજી ઊઠે છે. તેની આંખમાંથી આંસુ સરી પડે છે. ‘આજે સવારે’ વાર્તાની શાંતિલા પતિને મનની વાત જણાવી શકતી નથી. ઇચ્છાની અતૃપ્તિના કારણે જ તે પતિના અન્ય ગુણ દોષને કારણ બનાવી તેની પર ક્રોધે ભરાય છે.

આ વિભાગમાં સ્વતંત્રતાને ઝંખતા અને મુક્તિ માટે મથતાં પાત્રો પણ જોવા મળે છે. ‘અવકાશ’, ‘મારે એક મિત્ર છે’ અને ‘ચાર પત્રો’ જેવી વાર્તાઓમાં આવાં પાત્રો મળી આવે છે. ‘અવકાશ’ વાર્તાની પૂર્વી પોતાની ઓળખ માટે મથે છે. વિચારોની મથામણ પછી તેની ગર્ભિત ઇચ્છાઓ ફરીથી સજીવન થાય છે. જેને પૂર્ણ કરવા તે તત્પર બનતી જોવા મળે છે. ‘મારે એક મિત્ર છે’ વાર્તાની યુવાન નાયિકા અજાણી સ્ત્રી વિશે વધુ જાણવાની ઇચ્છાના કારણે જ પ્રશ્નો પૂછતી જાય છે. સ્ત્રીનાં જવાબો તેનામાં

કાલ્પનિક ભય ઉદ્દીપ્ત કરે છે. જેના કારણે તે ધ્રુજી ઊઠે છે. ચક્કર આવવાથી શરીરનું સમતોલન ગુમાવી બેસે છે. 'ચાર પત્રો' વાર્તાની અદિતિને મુક્તિની તીવ્ર ઝંખના છે. જીવનની ચાહ લઈને જયારે બે પુરુષ પાત્રો એના જીવનમાં એકસાથે આવે છે ત્યારે તે બંનેને છોડી શકતી નથી. હતાશા અને પીડાના ભાવ પણ આ સ્થિતિમાં ઉદ્દીપ્ત થાય છે.

સ્વજન કે પ્રિયપાત્રને પામવાની ઝંખના કરતાં પાત્રો પણ અહીં છે. 'દાદાજી! ઓ દાદાજી!', 'સાથ', 'ઓછાયો', 'દરિયાની સાક્ષીએ', 'સૂર' અને 'વંચિત કરીને' જેવી વાર્તાઓમાં આવાં પાત્રો જોવા મળે છે. 'દાદાજી! ઓ દાદાજી!' વાર્તામાં દાદાજી અને કલ્યાણી હંમેશા સાથે રહેવા ઇચ્છે છે. અનિચ્છાએ થતાં લગ્નના કારણે બંને પાત્રોમાં હતાશા જોવા મળે છે. લગ્ન સમયે કલ્યાણી તીવ્ર હતાશા અને પીડામાં વ્યાકુળ બની રુદન કરતી જોવા મળે છે. જીદુનાથમાં પણ ઉદાસીનતા, હતાશા, પીડા જેવા ભાવ ઉદ્દભવે છે. જેના કારણે તે ઉદાસ બનતો, કંપી ઊઠતો, રુદન કરતો જોવા મળે છે. ભાવનાત્મક સંઘર્ષ તીવ્ર બનતાં તેની આંખે અંધારા આવે છે. તે સમતુલા ગુમાવે છે. અંતે તેને હ્રદયરોગનો હુમલો આવે છે.

'સાથ' વાર્તાની દેરાણી પણ જેઠાણીના સાથને ઝંખે છે. તેમ ન થતાં તે હતાશ થાય છે. આ સ્થિતિમાં એના મનમાં વિચારો જાગ્રત થતાં જ તેનામાં ક્રોધ અને પીડા જેવા ભાવ પણ ઉદ્દીપ્ત થાય છે. 'ઓછાયો' વાર્તાની સતી પણ વિતાનને મદદ કરવા ઇચ્છે છે. તેને અસહાય હાલતમાં છોડી ન શકવાથી તે વ્યથિત બને છે. તેના ચહેરા પર ઉદાસીનતા, હતાશા અને પીડા જોવા મળે છે. 'દરિયાની સાક્ષીએ' વાર્તાની બેલા પણ માતા અને પ્રેમી બંનેના પ્રેમને ઇચ્છે છે. સામાજિક નિયમોને કારણે લગ્ન કરીને તે કોઈ એક સાથે જ રહી શકે છે. વિચારોની મથામણમાં તેનામાં હતાશા અને ક્રોધ જેવા ભાવ પણ ઉદ્દીપ્ત થતા જોવા મળે છે. 'સૂર' વાર્તામાં મૃત પતિને યાદ કરતી નાયિકા છે. એની સાથે વિતાવેલા સમયને યાદ કરવાથી એનામાં ફરીથી પતિને પામવાની ઇચ્છા જાગે છે. પતિનો ભાસ તેનામાં કાલ્પનિક ભયને ઉદ્દીપ્ત કરે છે. 'વંચિત કરીને' વાર્તાની પાર્વતીને પણ બચપણના સાથીને ન પામ્યાનો વસવસો છે. એના જીવનને એકવાર જોઈ લેવાની એની તીવ્ર ઇચ્છા છે. જેના કારણે તેનામાં વિચારો જાગે છે.

'દિવાળીના દીવા' અને 'જવા દઈશું તમને' વાર્તાઓની વૃદ્ધ નાયિકાઓ એકલતા અને ખાલીપાનો અનુભવ કરે છે. 'દિવાળીના દીવા'ની નાયિકા બાળકોને મળવાની તીવ્ર ઇચ્છાના કારણે જ

વર્ષો પછી પણ ઘર સજાવ્યા કરે છે. વૃદ્ધત્વની એકલતામાં હવે કોઈ મળવા આવતું ન હોવાથી તે હતાશ થાય છે. 'જવા દઈશું તમને' વાર્તાની નાયિકા પણ પરિવારમાં પોતાના જેવું કોઈ સભ્ય હોય તેમ તે ઇચ્છે છે. જેના કારણે તે મનોમન હતાશ થતી જોવા મળે છે. 'તો?' વાર્તામાં પુત્રીની ઝંખના કરતી સુજાતા છે તો 'અનુભૂતિનો એક ખંડ' વાર્તામાં પાણી માટે તરફડિયાં મારતી નાયિકા જોવા મળે છે.

આમ, આ જૂથનાં સ્ત્રીપાત્રો કોઈક ને કોઈક ઇચ્છા માટે સંઘર્ષ કરતાં જોવા મળે છે. જેના કારણે એમનામાં ઉદ્દીપ્ત થતી અન્ય ગૌણ ભાવનાઓ પણ જોવા મળે છે. જેના કારણે એમની ઇચ્છા વધુ પ્રબળ બનતી જાય છે. જે એક ચોક્કસ પરિણામ સુધી પહોંચતી જોવા મળે છે.

## જૂથ ૩- તિરસ્કાર સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

જયારે વ્યક્તિના વિચારો અને સિદ્ધાંતો અન્યના વિચારો સાથે મેળ ખાતા નથી ત્યારે તે એ ઉદ્દીપકથી દૂર રહેવાનાં પ્રયત્નો કરે છે. આ સ્થિતિમાં તેને ઉદ્દીપક પ્રત્યે ક્રોધ, અણગમો જેવા ભાવ જન્મે છે. જે તીવ્ર બનતાં તિરસ્કારમાં પરિવર્તિત થાય છે. ક્યારેક વ્યક્તિ બીજા કરતાં પોતાને ચઢિયાતો માને છે ત્યારે તે અન્ય સાથે દુર્વ્યવહાર કરે છે. એ દુર્વ્યવહાર અને ઉદ્ધતાઈભર્યું વર્તન પણ તિરસ્કાર જ છે.

આ જૂથમાં તિરસ્કાર ભાવનાના કારણે સંઘર્ષ અનુભવતાં સ્ત્રીપાત્રોની વાત કરાઈ છે. એમનાં બધા જ વાર્તાસંગ્રહોમાંથી આ જૂથમાં 'કરોળિયાનું ઘર', 'તમારાં ચરણોમાં', 'સર્વનાશ', 'ન્યાય', 'આ ઉંમરે, એકલી?', 'રંગ તો છે ને!' અને 'પ્રતિશોધ' જેવી વાર્તાઓમાં તિરસ્કાર સાથેનો સંઘર્ષ અનુભવાયો છે.

- 'કરોળિયાનું ઘર' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

કોઈપણ વૃદ્ધ વ્યક્તિ પોતાના ઘડપણમાં પરિવારના પ્રેમને ઝંખે છે. નાયિકાની પણ એ જ ઇચ્છા છે. પુત્રોના બનાવટી પ્રેમને કારણે અને એમનાં દ્વારા કરાતી ઉપેક્ષાના કારણે એમાં હતાશાની ભાવના જાગે છે. બધું હોવાં છતાં બાળકો દ્વારા થતી અવહેલનાને કારણે મનોમન તેમના પર ક્રોધે પણ ભરાય છે. બીમાર માની ચિંતા કર્યા વગર સૌ મજાકમસ્તી કરી રહ્યાં છે. જેના કારણે એનામાં અણગમાનો

ભાવ પણ ઉદ્દીપ્ત થાય છે. પુત્રોના વ્યવહારને કારણે વ્યથિત થતી નાયિકાનું આંતરદ્વંદ્વ અહીં જોવા મળે છે. જે પુત્રો માટે એણે આખું જીવન સંઘર્ષ કર્યો હતો એ જ પુત્રો હવે મિલકત માટે એના મૃત્યુની રાહ જોઈ રહ્યા છે. આ સ્થિતિમાં એની પુત્રો પ્રત્યે હતાશા અને ક્રોધની ભાવના વધુ ઘેરી બનતી જાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "ઓહ! - ત્યારે એ લોકો શું... વિષાદની લાગણીથી ભરાઈ ગયું." (પૃ. ૨૪)

પુત્રોના વર્તનને કારણે ઉદ્દીપ્ત થતી હતાશા, અણગમો અને ક્રોધ જેવી ભાવનાઓ હવે તિરસ્કારમાં પરિણમતી જાય છે. એનો તિરસ્કાર આ વિધાનોમાં જોવા મળે છે: "ગુસ્સાથી, આવેશથી એ ધ્રૂજતી હતી. એનું ચાલ્યું હોત તો ત્યારે એને ધક્કો મારી દૂર હડસેલી દીધો હોત." (પૃ. ૨૫)

અહીં હતાશા, અણગમો અને ક્રોધ જેવી ભાવનાઓ વડે પોષાતો તિરસ્કારનો સંઘર્ષ જોવા મળે છે.

- 'તમારાં ચરણોમાં' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

શીલાને જયારે આત્મજાગૃતિ દ્વારા સમજાય છે કે લગ્ન કર્યા ત્યારથી જ પતિ દ્વારા એની ઇચ્છાઓનું દમન થઈ રહ્યું છે. આ કારણે તેનામાં હતાશા જાગ્રત થાય છે. એની હતાશા આ વિધાનો દ્વારા વ્યક્ત થઈ છે: "જે પળે મેં તમને મારું સર્વસ્વ માની મારી... મારા દુઃખનો આરંભ થયો હતો." (પૃ. ૩૭)

ઇચ્છા દમનની ઘટનાઓ અને વિચારોમાં એની હતાશા વધુ ને વધુ તીવ્ર બનતી રહે છે. બહેન નીલા સાથે પણ આવો જ વ્યવહાર થાય છે ત્યારે એ વધુ હતાશ બને છે. નીલાના લગ્નની બાબતમાં સમાજમાં વ્યાપેલી ગરીબ અને તવંગર વચ્ચેની ભેદરેખાની વાસ્તવિકતા જોવા મળે છે. નીલા જેને ચાહે છે એ કિસન ગરીબ હોવાથી એના લગ્ન નીલા સાથે થઈ શકતા નથી. કિસનનું વર્ણન પણ અહીં નાયિકાની હતાશાના સંઘર્ષને વધારવા માટે એક ઉદ્દીપક બની રહે છે. બહેનની આત્મહત્યાના સમાચાર તેની હતાશાને પીડામાં પરિવર્તિત કરે છે. પતિનો પ્રેમ હવે એને બોજો લાગે છે. આ કારણે એનામાં તિરસ્કાર જાગે છે. તે પત્રમાં લખે છે કે: "આજ એના દુ:ખદ મૃત્યુના સૂર તમારા પ્રેમને વીંધીને મારા જીવનને સ્પર્શી ગયા છે... આજ હું એની, એના દુઃખની, એના મૃત્યુની બની રહી છું." (પૃ. ૪૭)

પતિ દ્વારા શીલાની ઇચ્છાઓનું દમન એનામાં હતાશા, પીડા, ક્રોધ જેવી ભાવનાઓને ઉદ્દીપ્ત કરે છે. પતિના પ્રેમથી એને નફરત થઈ જાય છે. ઇચ્છાનો સંઘર્ષ અંતમાં તિરસ્કારમાં પરિણમે છે.

કિસનને ચાહતી નીલાને અતુલ સાથે પરણાવી દેવાય છે. લગ્નની ઘટનામાં નીલાની તીવ્ર હતાશા જોવા મળે છે. આ વિધાનોમાં એ જોઈ શકાય છે: "નીલાની આંખો રડી રડીને સુક્કી બની ગઈ. આંસુ વહાવી વહાવીને એનું અંતર ખાલી થઈ ગયું." (પૃ. ૪૪)

આ ઘટનામાં નીલાનો હતાશાના ભાવ સાથેનો સંઘર્ષ વર્ણવાયો છે.

- 'સર્વનાશ' (કાગળની હોડી, ૧૯૭૮)

મધુરીને પરિપક્વ બનાવવા માટે નાયક પ્રયત્નશીલ છે. આ માટે મધુરી પણ પતિની આજ્ઞાનું પાલન કરતી રહે છે. ધીમે ધીમે પતિની અપેક્ષાઓ વધતાં એની ઇચ્છાઓનું દમન થતું રહે છે. જેના કારણે તેનામાં હતાશાનો ભાવ ઉદ્દીપ્ત થાય છે. જેમ જેમ પતિનું આધિપત્ય વધતું જાય છે તેમ તેમ મધુરીની હતાશા તીવ્ર બનતી જાય છે. આ સાથે એના મનમાં પતિ પ્રત્યે ક્રોધ પણ જાગે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "તેના મોં પર લોહી ધસી આવ્યું.... આવવાનો પણ અર્થ હતો." (પૃ. ૧૦૭)

વધુ પડતી રોકટોકના કારણે હવે એનામાં પતિ પ્રત્યે તિરસ્કાર જાગે છે. જે અંતમાં ઘેરો બને છે. જે આ વિધાનો દ્વારા વ્યક્ત થયો છે: "મારા પતિએ મારી હત્યા કરી છે... મને બાળી નાંખી છે." (પૃ. ૧૧૩)

પતિના વધુ પડતા દમનને કારણે મધુરીના મનમાં હતાશા અને ક્રોધની ભાવના જાગ્રત થાય છે. જે અંતમાં તિરસ્કારમાં પરિણમતી જોવા મળે છે.

- 'ન્યાય' (જવા દઈશું તમને, ૧૯૮૩)

રાધિકા સ્ત્રી-પુરુષ સમાનતા અને વ્યક્તિગત સ્વતંત્રતાની આગ્રહી છે. શ્યામ પણ એવાં જ વિચારો ધરાવતો હોવાથી તે એની સાથે લગ્ન કરે છે. હવે રાધિકા એનાં વર્તનમાં પરિવર્તન આવેલું જુએ

છે. જે એની હતાશાનું કારણ બને છે. શ્યામ સાથેના ભૂતકાળ અને વર્તમાન સમયની તે સરખામણી કરે છે. આ સ્થિતિમાં એની હતાશા વધુ ઘેરી બનતી જાય છે. તેનાં વર્ચસ્વનો વિરોધ કરતી રાધિકાને શ્યામ 'મારી વાત જુદી છે.' એમ કહે છે. આ સાંભળી રાધિકાનો એના પ્રત્યેનો ક્રોધ ઉગ્ર બને છે. શ્યામ તરફથી બોલાયેલું આ વાક્ય રાધિકાના ક્રોધને પોષવા માટે ઉદ્દીપક બન્યું છે. સ્ત્રી-પુરુષ સમાનતાને ઝંખતી રાધિકાને શ્યામનું વર્તન અકળાવે છે. જેનાં કારણે હવે એનામાં શ્યામ પ્રત્યે તિરસ્કારનો ભાવ ઉદ્દીપ્ત થાય છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "અને પોતે એ સહન કરી લીધું?... સદા સ્ત્રીના જ ગળે શા માટે ઝૂલ્યા કરવી જોઈએ?' (પૃ. ૧૯૪)

બંને વચ્ચે થયેલો સંવાદ પણ રાધિકાના તીવ્ર ક્રોધને ઉજાગર કરે છે. સ્વતંત્ર રહેવાના નિશ્ચય સાથે તે ઘર છોડવાનું નક્કી કરે છે. આ સ્થિતિમાં એનો પ્રેમ ફરીથી જાગ્રત થાય છે. એને શ્યામની ચિંતા સતાવે છે. શ્યામના વર્તનમાં કોઈ જાતનો ફરક ન પડવાથી અંતે તે ઘર છોડવાનો નિશ્ચય કરી તેનો તિરસ્કાર કરતી જોવા મળે છે. તેનો તિરસ્કાર આ વિધાનો દ્વારા વ્યક્ત થયો છે: "કેટલાક લોકો ક્ષમાને અને પ્રેમને લાયક નથી હોતા..." (પૃ. ૧૯૭)

અહીં પતિથી દૂર જવાની સ્થિતિમાં રાધિકાની હતાશા છે. એનાં વિચારોમાં શ્યામ પ્રત્યેનો એનો પ્રેમ અને ચિંતા છે. શ્યામના આધિપત્યનાં વિરોધમાં એનો ક્રોધ છે. અહીં હતાશા અને ક્રોધ જેવા ભાવોથી પોષાઈને તેનો તિરસ્કારનો ભાવ પ્રબળ બને છે.

- 'આ ઉંમરે, એકલી?' (મનુષ્ય થવું, ૧૯૯૦)

પુત્ર અને પુત્રવધૂ દ્વારા પોતાના જ ઘરમાં હંમેશા થતી અવગણના ઉષાને અંદરથી કોરી ખાય છે. પોતાની આટલી બધી અવગણના તે સહન કરી શકતી નથી. આ કારણે તે મનોમન હતાશા અનુભવે છે. જે તેનાં વિચારોમાં સ્પષ્ટ જોઈ શકાય છે: "ઉષા વિસ્મિત થઈને વિચારતી: "શા માટે એ હંમેશા મને આમ દૂર રાખવા માંગે છે?... જીવન પૂરું થાય તે પહેલાં જ જળ સીંચવાનું બંધ કરી દેશે." (પૃ. ૩૫)

મનમાં ઊઠતાં આવાં વિચારો એની હતાશાના ભાવને ઘેરો કરે છે. ત્રેપન વર્ષની ઉષાને પોતે ઘરડી થઈ હોય એમ લાગતું નથી. વારંવાર પુત્ર અને પુત્રવધૂ દ્વારા એને વૃદ્ધત્વનો અનુભવ

કરાવાય છે. તેઓ એને ઉંમર કરતાં જ વહેલી વૃદ્ધ બનાવી દેશે એવું લાગે છે. આ કારણે તે ભય પણ અનુભવતી જોવા મળે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "ભય ને શંકાના વાદળથી આકાશ.... ધકેલી રહ્યાં છે." (પૃ. ૩૫)

પોતાની અવગણના સહી ન શકતી ઉષાને અંતમાં પુત્ર અને પુત્રવધૂ પ્રત્યે તિરસ્કાર જન્મે છે. જે દર્શાવતાં આ વિધાનો જુઓ: "આ મકાન મારા નામે છે... 'આ ઉંમરે, એકલી, હું અહીં રહીશ." (પૃ. ૩૭)

પુત્ર અને પુત્રવધૂની અવગણના ઉષામાં હતાશા અને ભયને ઉદ્દીપ્ત કરે છે. જે અંતમાં તિરસ્કારમાં પરિણમતી જોવા મળે છે.

- 'રંગ તો છે ને!' (કાગળની હોડી, ૧૯૭૮)

સુકંઠનું ભરયુવાનીમાં મૃત્યુ થવાથી પીડાગ્રસ્ત નાયિકા છે. એની વેદનાને દર્શાવતાં વાર્તાકાર લખે છે કે: "અનુસંધાનનો તાર તો મૃત્યુએ તોડી દીધો હતો... તાજી થઈ જાય છે ને આંસુ વહેવા માંડે છે." (પૃ. ૬૪)

મૃતકનાં આત્માની શાંતિ માટે પ્રાચીન સભ્યતાએ રૂઢ કરેલી પ્રણાલીઓ મુજબ જ એને વર્તન કરવું પડે છે. બેસણાનાં પ્રસંગે સગાંવહાલાંઓ તરફથી દર્શાવાતાં લાગણીના ખોટા ડોળ, યાંત્રિકતા અને ખાલીપણાની ઔપચારિકતા તે જુએ છે. આ બધું જ તેને અરુચિકર લાગે છે. ઉદાસીનતા દર્શાવતો સફેદ રંગ તેને અપશુકનિયાળ લાગે છે. જે એનામાં ધૃણા પેદા કરે છે.

નાયિકા સુધારાવાદી વિચારો ધરાવે છે. પતિના મૃત્યુ પછી પણ એની યાદોને તે જીવંત રાખવા ઇચ્છે છે. સતત રડ્યા કરવાથી સુકંઠની એનાં હૃદયમાં રહેલી છબી પણ ઝાંખી પડી જશે તેવું એને લાગે છે. એના મનમાં વિચારો ઉદ્દભવે છે. જેમાં એની તીવ્ર હતાશા પ્રગટ થાય છે. એની હતાશા આ વિધાનોમાં જોવા મળે છે: "તેનું હૃદય હજુ શોકથી સંપૂર્ણપણે ગ્રસ્ત હતું... પણ તેનું મન તો બીજા ઘણાં વિચારો કરી શકતું હતું." (પૃ. ૬૬)

મૃત્યુને દર્શાવતા સફેદ રંગને તે એની આસપાસ વીંટળાતો અનુભવે છે. આ સ્થિતિમાં સફેદ રંગ પ્રત્યે ધૃણા જન્મે છે. અહીં નાયિકાની પીડા, ધૃણા અને હતાશા સાથેની સંઘર્ષમય સ્થિતિ છે. સફેદ રંગ પ્રત્યેની સૂગને કારણે એના પ્રત્યેનો તિરસ્કાર પોષાતો જોઈ શકાય છે.

- ‘પ્રતિશોધ’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

લગ્નની પ્રથમ રાત્રિએ આકાશે કહી દીધેલા ‘અધર્સ ફર્સ્ટ’ આ શબ્દો અચિરાને ડંખે છે. લગ્ન પછી આકાશનો પ્રેમભર્યો સંગાથ પામવાના અચિરાને કોડ હતાં. મિલનની ક્ષણોએ એને ‘અધર્સ ફર્સ્ટ’ જેવા શબ્દોનો સામનો કરવો પડે છે. આ શબ્દો અહીં અચિરાની હતાશાને ઉદ્દીપ્ત કરવા માટે સહાયક બનતા જોવા મળે છે. આ સ્થિતિમાં એનાં સપનાંઓ તૂટી જાય છે. જેના કારણે તે હતાશ થાય છે. તેની મનઃસ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: "‘અધર્સ ફર્સ્ટ?’ અચિરાના કંઠમાં એ શબ્દો જાણે સુકાઈ ગયા ને સુક્કાં પાંદડાની જેમ ખખડયા." (પૃ. ૬૦)

અહીં અપેક્ષાભંગ થવાથી અચિરામાં તીવ્ર હતાશા જન્મે છે. જેના કારણે તે આકાશને અવગણીને ઘરનાં સભ્યો પ્રત્યે વધુ ધ્યાન આપે છે. જેમાં આકાશ પ્રત્યેનો એનો તિરસ્કાર જોવા મળે છે.

જૂથ સમાપન

આ જૂથની વાર્તાઓમાં ઘણાંખરાં સ્ત્રીપાત્રો સંઘર્ષની સ્થિતિ દરમ્યાન ઉદ્દીપક પ્રત્યે તીવ્ર વિરોધ દર્શાવતાં જોવા મળ્યાં છે. આ વિરોધ કે સંઘર્ષ એટલી હદે છે કે આ પાત્રો જે તે સ્થિતિ, વસ્તુ કે વ્યક્તિનો તિરસ્કાર કરતાં પણ અચકાતાં નથી. આ જૂથમાં પુરુષ કે સમાજનું આધિપત્ય અને વૃદ્ધત્વ જેવા વિષયોવાળી વાર્તાઓ જોવા મળે છે.

‘કરોળિયાનું ઘર’ અને ‘આ ઉંમરે, એકલી?’ આ બંને વાર્તાઓમાં પરિવારજનોની ઉપેક્ષા વૃદ્ધ નાયિકાઓ માટે સંઘર્ષનું કારણ બન્યું છે. ‘કરોળિયાનું ઘર’ વાર્તાની નાયિકા પુત્રોના વર્તનને કારણે હતાશા, ક્રોધ, વેર, વિષાદ, અણગમો જેવા ભાવથી પીડાતી રહે છે. આ ભાવનાઓના સંઘર્ષને કારણે ઉદ્દભવતા વિચારોમાં અંતે તેનામાં તિરસ્કારની ભાવના પ્રબળ બને છે. એની અસર એટલી તીવ્ર છે કે તે આવેશથી ધ્રૂજતી જોવા મળે છે. ‘આ ઉંમરે, એકલી?’ વાર્તાની ઉષા પણ વાતવાતમાં પોતાની

અવગણના સહન કરી શકતી નથી. હતાશ બનેલી ઉષાને લાગે છે કે પોતે ઉંમર પહેલાં જ વૃદ્ધ બની જશે. એનાં વિચારોમાં તે કાલ્પનિક ભય પણ અનુભવે છે. વાર્તાને અંતે લેવાતા એના નિર્ણયમાં પરિવાર પ્રત્યેનો તિરસ્કાર જોવા મળે છે.

'તમારાં ચરણોમાં', 'સર્વનાશ', 'ન્યાય', 'રંગ તો છે ને!', અને 'પ્રતિશોધ' વાર્તાઓમાં આધિપત્યનો વિષય આલેખાયો છે. આ દરેક વાર્તાઓમાં ક્યાંક ને ક્યાંક ઇચ્છાઓનું દમન જ તિરસ્કારનું કારણ બનતું જણાય છે. 'તમારાં ચરણોમાં' વાર્તાની શીલાને જયારે સમજાય છે કે પતિના પ્રેમ તળે એની અને બહેન નીલાની ઇચ્છાઓ દબાતી જ આવી છે ત્યારે તે હતાશ બને છે. ભાવનાત્મક સંઘર્ષ તેના પર એટલો હાવિ બને છે કે અંતે એના મનમાં પતિ પ્રત્યે તિરસ્કાર ભાવ ઉદ્દીપ્ત થાય છે. 'સર્વનાશ' વાર્તાની મધુરીમાં પણ પતિના આધિપત્યના કારણે હતાશા અને ક્રોધ જેવા ભાવ ઉદ્દીપ્ત થાય છે. પતિની આજ્ઞાઓ તળે દબાતી મધુરીનો મનોમન સંઘર્ષ અંતમાં તિરસ્કારમાં પરિણમે છે.

'ન્યાય' વાર્તાની રાધિકા લગ્ન પછી શ્યામમાં આવેલું પરિવર્તન જોઈ હતાશ થાય છે. શ્યામ જ્યારે 'મારી વાત જુદી છે' એમ કહે છે ત્યારે તે ઉગ્ર બની ઊઠે છે. આ કારણે સ્વતંત્રતા અને સમાનતાની આગ્રહી રાધિકામાં તિરસ્કાર ભાવના પ્રબળ બને છે. 'પ્રતિશોધ' વાર્તામાં લગ્ન પછીના રંગીન જીવનની કલ્પનાઓ કરતી અચિરા છે. લગ્નની પ્રથમ રાત્રિએ જ આકાશ 'અધર્સ ફર્સ્ટ'નું સૂત્ર એને આપી દે છે. આ કારણે તેનાં સ્વપ્નો ભાંગી પડે છે. 'અધર્સ ફર્સ્ટ' વાક્યને જ હથિયાર બનાવી તે આકાશને તિરસ્કૃત કરતી જોવા મળે છે.

સામાજિક પરંપરા મુજબ વર્ષોથી સફેદ રંગને મૃત્યુનો રંગ ગણવામાં આવે છે. અનિચ્છાએ પણ મૃત્યુ પ્રસંગે આ જ રંગ ધારણ કરવો પડે છે. 'રંગ તો છે ને!' વાર્તાની નાયિકાને એનો વિરોધ છે. એને સફેદ રંગ પ્રત્યે અણગમો પેદા થાય છે. જેને લીધે તે સફેદ રંગનો તિરસ્કાર કરે છે. આમ, આ વાર્તાઓમાં સંઘર્ષમાંથી મુક્તિ મેળવવા માટે તિરસ્કારનો સહારો લેતાં પાત્રો જોવા મળે છે.

## જૂથ ૪ - પીડા સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

ઇચ્છાઓની અતૃપ્તિ, કાર્યમાં અસફળતા અને વધુ પડતી હતાશાનો ભાવ પીડા જન્માવે છે. વ્યક્તિમાં રહેલા અન્ય પ્રત્યેની લાગણી અને પ્રમાણિકતાના ભાવને કારણે પણ પીડા અનુભવાય છે.

પ્રિય વ્યક્તિ કે વસ્તુ માટેનો પ્રેમ અને લાગણીના કારણે તેમનાથી દૂર જવાની સ્થિતિમાં, એમને નુકસાન થવાથી કે દુઃખી જોઈને પીડા અનુભવાય છે. વધુ પડતી પીડા વ્યક્તિ માટે નુકસાનકારક સાબિત થાય છે. અતિશય લાગણીનાં કારણે વ્યક્તિ ક્યારેક માનસિક સંતુલન ગુમાવી બેસે છે. કેટલાક કિસ્સાઓમાં સ્વજનની વધુ પડતી ચિંતા વ્યક્તિને એની ચિતા સુધી ઘસડી જાય છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં વિવિધ ભાવનાઓનું આલેખન જોવા મળ્યું છે. આ જૂથમાં પીડા ભાવનાના કારણે સંઘર્ષ અનુભવતાં સ્ત્રીપાત્રોની વાત પણ કરાઈ છે. પસંદ કરેલી વાર્તાઓમાં પીડાના ભાવનાત્મક સંઘર્ષની વાત કરીએ તો એમની 'પ્રેમનાં આંસુ', 'યુદ્ધ...વિરામ...શાંતિ!', 'એક રાતની વાત', 'કોઈક દિવસ' અને 'ભેટ' વાર્તાઓનો સમાવેશ થાય છે. આ વાર્તાઓમાં નિરૂપાયેલ પીડાના ભાવનાત્મક સંઘર્ષને સમજીએ.

- 'પ્રેમનાં આંસુ' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

કિરણની માંદગીની સ્થિતિને કારણે સુશીલામાં પીડાનો ભાવ ઉદ્દીપ્ત થાય છે. માંદગીમાં સપડાયેલો કિરણ એની નજર સામે જ અપંગ બને છે. આ સ્થિતિમાં એક માતા તરીકે સુશીલાનો પીડાનો સંઘર્ષ ઘેરો બને છે. એની પીડા આ વિધાનોમાં જોઈ શકાય છેઃ "વધુ ખાતરી કરવા માટે એણે એનો એક પગ... ચીસ પાડી એ ત્યાં જ  બેભાન થઈ ગઈ." (પૃ. ૪)

જેને એ પોતાના જીવની જેમ સાચવતી હતી તે કિરણની અપંગતા સુશીલા માટે અસહ્ય બની જાય છે. કિરણના ભાવિની કલ્પનાઓ, એનાં મનમાં ઊઠતા વિચારો, કિરણની અસહાય સ્થિતિનું વર્ણન વગેરે સુશીલાની પીડાને વધારે છે. અપંગ કિરણનું વર્ણન અહીં એક ઉદ્દીપક બની રહે છે. એની પીડાનો ભાવ દર્શાવતાં કેટલાંક વિધાનો જોઈએઃ "તે વિચારતીઃ "આ સુંદર બાળક હવે કદી ચાલી નહિ શકે, મુક્ત રીતે હવે કદી ફરી નહિ શકે એ ખ્યાલે એનું દિલ ચિરાઈ જતું... એ ચોધાર આંસુએ રડી રહી." (પૃ. ૪)

અહીં પોતાના બાળકની અસહાય સ્થિતિને કારણે સુશીલાનું માતૃહૃદય પીડા અનુભવતું જોવા મળે છે.

સુશીલાના મૃત્યુ પછી હવે અનંતના લગ્ન સરયુ સાથે નક્કી થયા છે. લગ્ન પછી જીવનને આનંદથી ભરી દેવાની એની ઇચ્છા હતી. પોતે જેની સાથે લગ્ન કરી રહી છે એ અનંતને એક અપંગ પુત્ર છે. એ વાતથી એનો ઇચ્છાભંગ થાય છે. ઇચ્છાનો અસંતોષ એનામાં હતાશાની ભાવનાને ઉદ્દીપ્ત કરે છે. સરયુની હતાશા આ વિધાનોમાં જોવા મળે છે: "લગ્ન કરીને તરત જ પાંચ વરસના આ બાળકની માતા બનવું પડશે... જવાબદારીની દોરથી બાંધી દેતો હતો." (પૃ. ૧)

અપંગ કિરણ વિશેની નકારાત્મક કલ્પનાઓ કરતી સરયુ કિરણ પ્રત્યે ઘૃણા પણ અનુભવતી જોવા મળે છે. એની ઘૃણા આ વિધાનોમાં જોઈ શકાય છે. "પગ ઘસડતો, બોલી ન શકવાને લીધે ગળામાંથી ઉ ઉ એવો અવાજ કાઢતો... આવીને વળગી પડે તો? અણગમાથી એનું મન ભરાઈ ગયું." (પૃ. ૧૩)

અહીં, અપંગ પુત્રને પીડાતો જોઈને મનોમન વ્યાકુળ બનતી સુશીલાની પીડાનું આલેખન છે. ઇચ્છાની અતૃપ્તિ સાથે સરયુનો હતાશાનો અને ઘૃણા સાથેનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે.

- 'યુદ્ધ...વિરામ....શાંતિ!' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

બાળકના જન્મ સમયે જેનસાન પોતાની સાથે જ હોય એમ જાસ્મીન ઇચ્છે છે. પતિના યુદ્ધમાં જવાના નિર્ણયથી એની એ આશા ભાંગી પડે છે. જેના કારણે એનામાં હતાશા જાગ્રત થાય છે. બાળકના જન્મ સમયે જેનસાનની ગેરહાજરીથી એ વ્યથિત બને છે. જેનસાન જેવો જ ચહેરો ધરાવતા નવજાત પુત્રને જોઈ એની હતાશા પીડામાં ફેરવાય છે. અહીં પુત્રનું વર્ણન પણ ઉદ્દીપક બનીને એના સંઘર્ષમાં વધારો કરે છે. પતિના વિરહમાં એનો સંઘર્ષ વધતો જાય છે. આ વિધાનોમાં એનું આલેખન જોવા મળે છે: "જેનસાનની પ્રતીક્ષામાં જાસ્મીનના દિવસો વિતતા રહ્યા... કલ્પનાતીત બની બેઠું હતું!" (પૃ. ૧૧૭)

સંધિકરારના સમાચાર વડે જેનસાનના આવવાની આશાઓ બંધાય છે અને તૂટે છે. સમયાંતરે આવતાં જેનસાનના પત્રો પણ અહીં એના સંઘર્ષ માટે ઉદ્દીપક બન્યા છે. યુદ્ધ..વિરામ...અને

શાંતિની વાતો વચ્ચે જાસ્મીનનાં હૃદયની પીડા વધતી જ રહે છે. આ વિધાનો જુઓ: "જેનસાન આવ્યો નહિ... માત્ર છાપાંના સમાચારો આવ્યા, અફવાઓ ને હકીકતો આવી... હતાશાની આગ ને આંસુ વીંટ્યો અંધકાર." (પૃ. ૧૨૨)

અંતમાં મિલનના આનંદ સમયે જ પતિના મૃત્યુના સમાચાર આવે છે. અહીં જેનસાનના મૃત્યુની સાથે જાસ્મીનનો પીડા સાથેનો સંઘર્ષ વધુ ઘેરો બનતો જોવા મળે છે.

- 'એક રાતની વાત' (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

રાધાનું છ મહિનાનું બાળક ખૂબ જ બીમાર છે. આ કારણે ચિંતિત બનેલી રાધા કામમાં મન પરોવી શકતી નથી. તે ઘરે જવા ઇચ્છે છે. રજા ન મળવાથી તે હતાશા અનુભવે છે. રાધાના હતાશાનું વર્ણન કરતાં નાયક કહે છે કે: "તે ખૂબ શૂન્યમનસ્ક લાગતી હતી... પછી એકપણ વાર જોયું નહિ." (પૃ. ૬૯)

બીમાર બાળક પાસે દોડી જવા એનું માતૃહૃદય અધીરું બને છે. જેને કારણે તે રજા લીધા વગર જ જતી રહે છે. અહીં એની ઇચ્છા તીવ્ર બની પીડામાં પરિણમતી જોવા મળે છે. મોડું થઈ જવાથી બાળક મૃત્યુ પામે છે. બાળકનાં શબને લઈને તે નાયકના ઘરે આવે છે. એ સમયની રાધાની મન:સ્થિતિ દર્શાવતાં નાયક કહે છે કે: "તેનો ચહેરો સફેદ ને આંખો શૂન્ય હતી... તે અંધારામાં બહાર દોડી ગઈ." (પૃ. ૭૦)

અહીં રાધાની ઇચ્છા અને હતાશાનું વર્ણન છે. જે તેની પીડાને પોષે છે. બાળકના મૃત્યુ પછીની રાધાની મન:સ્થિતિ તેની તીવ્ર પીડાને ઉજાગર કરે છે.

હંમેશા પોતાનું ધાર્યું કરાવી લેતી પત્ની પર નાયક મનોમન ક્રોધે ભરાય છે. પત્નીનો ગુસ્સો તે રાધા પર કાઢતો જોવા મળે છે. વારંવાર ઘરે જવાની રજા માંગતી રાધાનું કારણ જાણ્યા વિના તે એની પર ક્રોધે ભરાય છે. જેના કારણે રાધા બીમાર બાળક પાસે સમયસર પહોંચી શકતી નથી. એનું બાળક મૃત્યુ પામે છે. આમ બનવા પાછળ પોતે જ ક્યાંક ને ક્યાંક દોષી છે એમ નાયક અનુભવે છે. પોતાનાથી આવું કૃત્ય થઈ ગયા બાદ હવે તેને એ માટે પસ્તાવો થાય છે. અહીં પસ્તાવાની પીડા સાથેનો

એનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે. આ વિધાનોમાં એનો અફસોસ વ્યક્ત થયો છે: “ઘણી વાર એમ વિચારું છું, ધારો કે આમ હું ન બોલ્યો... ચચરવા લાગે છે.” (પૃ. ૬૬)

અહીં અજાણતાં જે ગુનો થઈ ગયો હતો તેનો ચિતાર આપીને નાયકના સંઘર્ષને વર્ણવાયો છે. રાધાની સ્થિતિ માટે પોતાને જવાબદાર ગણતા નાયકની અફસોસની પીડા સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

- ‘કોઈક દિવસ’ (વધુ ને વધુ સુંદર, ૧૯૬૭)

દાદાજીના મૃત્યુની બાળનાયકના મન પર ઘેરી અસર થાય છે. જેના કારણે તે ગંભીર માંદગીમાં પટકાય છે. આ સ્થિતિમાં એની માતા પીડા અનુભવે છે. માતાની પીડાને વાર્તાકારે નીચેનાં વિધાનોમાં સુંદર રીતે નિરૂપી છે: “જે માને તેણે સદાય હસતી જોઈ હતી... કોઈક દિવસ સમજાશે.” (પૃ. ૧૬૦)

મનમાં ઊઠતા પ્રશ્નોની અસર એટલી બધી ઊંડી છે કે અંતે બાળનાયક મૃત્યુસમીપે પહોંચે છે. પોતાનું બાળક હવે થોડી જ ક્ષણોનું મહેમાન છે. એની હૃદયદ્રાવક વાતો સાંભળીને માતાનું હૃદય દ્રવી ઊઠે છે. આ સ્થિતિમાં એની પીડા વધતી જોવા મળે છે. એની મનઃસ્થિતિને વાર્તાકારે સુંદર સંવાદ દ્વારા હૃદયસ્પર્શી બનાવી મૂકી છે. અહીં બાળનાયકની સ્થિતિ જોઈને તીવ્ર પીડા અનુભવતી માતાના સંઘર્ષનું નિરૂપણ જોવા મળે છે.

- ‘ભેટ’ (જવા દઈશું તમને, ૧૯૮૩)

સંતોષ અને તોષાની પ્રવાસના સ્થળે થયેલી મુલાકાત મિત્રતામાં પરિણમે છે. નવપરિણીત પુત્ર અને પુત્રવધૂનાં મૃત્યુનાં સમાચારથી તોષા પીડા અનુભવે છે. બંને વચ્ચે થતા સંવાદમાં એની પીડા જોઈ શકાય છે. તોષાની પીડા વર્ણવતાં આ વિધાનો જુઓ: “સંતોષ સામે તેણે પૂરી નજર માંડીને જોયું.... ક્યાંય સુધી તેણે રડ્યા કર્યું.” (પૃ. ૧૬૨)

પુત્ર વિયોગથી પીડાતી તોષાને જોઈ સંતોષ પણ પીડા અનુભવે છે. એની પીડા આ વિધાનોમાં વ્યક્ત થઈ છે: “હું બહુ જ દિલગીર છું... ચૂપચાપ બેસી રહ્યો.” (પૃ. ૧૬૧)

અચાનક યુવાન પુત્રના મૃત્યુના સમાચારથી તોષા તીવ્ર પીડા અનુભવતી જોવા મળે છે. એની વેદનાને અનુભવતો સંતોષ પણ પીડા અનુભવે છે.

જૂથ સમાપન

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષની વિવિધતા છે. એમનાં સ્ત્રીપાત્રો ક્યારેક સંઘર્ષની સ્થિતિમાં ઉદાસ થતાં, ક્યારેક વિરોધ દર્શાવતાં જોવા મળ્યાં છે. કેટલાંક પાત્રો અન્ય સ્વજનની લાગણીને કારણે દુઃખી થતાં પણ જોવા મળે છે. જેના કારણે એમનામાં પીડાનો ભાવ ઉદ્દીપ્ત થતો જોવા મળે છે. આ જૂથમાં ઇચ્છા, પ્રેમ અને વાત્સલ્ય જેવી સ્ત્રીની સ્વભાવગત લાગણીઓ એની પીડા માટે કારણરૂપ બની છે.

‘પ્રેમનાં આંસુ’, ‘એક રાતની વાત’, ‘કોઈક દિવસ’ અને ‘ભેટ’ વાર્તાઓમાં સ્ત્રીપાત્રનો બાળક પ્રત્યેનો પ્રેમ અને વાત્સલ્ય છે. બાળકનાં દુઃખે દુઃખી થતી માની પીડા અહીં વર્ણવાઈ છે. ‘પ્રેમનાં આંસુ’ વાર્તામાં અપંગ પુત્રની અસહાયતા સુશીલા જીરવી શકતી નથી. એના મનમાં કિરણના ભવિષ્યને લઈને નકારાત્મક વિચારો ઉદ્દીપ્ત થાય છે. બાળક પ્રત્યેની લાગણી પીડાના સંઘર્ષમાં પરિણમે છે. જેને કારણે તે બેભાન બનીને ફસડાઈ પડે છે. ‘એક રાતની વાત’ વાર્તાની રાધાનું બાળક પણ બીમાર છે. રજા ન મળવાથી બાળકની ચિંતામાં તે કામમાં મન પરોવી શકતી નથી. તે શૂન્યમનસ્ક સ્થિતિમાં જોવા મળે છે. બાળકના મૃત્યુ પછી તીવ્ર પીડામાં તે રૂદનના ચિત્કાર સાથે દોડી જતી જોવા મળે છે. તે માનસિક સંતુલન ખોઈ બેસે છે.

‘કોઈક દિવસ’ વાર્તામાં પણ માતૃહૃદયની વેદના આલેખાઈ છે. પોતાનું બાળક હવે થોડી જ પળોનું મહેમાન છે. પીડાના સંઘર્ષની આ સ્થિતિમાં તે ઉદાસ ચહેરે રૂદન કરતી જોવાય છે. ‘ભેટ’ વાર્તાની  તોષા પણ પુત્રના મૃત્યુના સમાચાર સાંભળી પીડા અનુભવે છે. તીવ્ર રૂદન સાથે તેનો દેહ કંપી ઊઠે છે. સંતોષને પણ તોષા પ્રત્યે લાગણી છે. તોષાને દુઃખી જોઈ તે પણ પીડા અનુભવે છે. ‘યુદ્ધ...વિરામ...શાંતિ!’ વાર્તામાં સ્ત્રીનો પતિપ્રેમ જોવા મળે છે. જેનસાનના યુદ્ધમાં ગયા પછી પતિ વિરહની સ્થિતિમાં જાસ્મીનની પીડા અને હતાશા જોવા મળે છે. એકલતાની સ્થિતિમાં તે વ્યથિત બની

રૂદન કરતી જોવાય છે. જેનસાનના મૃત્યુના સમાચારમાં એની પીડા તીવ્ર બની ઊઠે છે. આમ, આ જૂથમાં સ્ત્રી સહજ મનોભાવો એની પીડાના સંઘર્ષ માટે પોષક બનતા જોવા મળે છે.

## જૂથ ૫ - ક્રોધ સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

જયારે વ્યક્તિને કોઈ કાર્યમાં અડચણ ઊભી થાય અથવા અસફળતા મળે ત્યારે ક્રોધ જન્મે છે. અણગમતી કોઈ વસ્તુ કે વ્યક્તિ સામે આવે ત્યારે એને જોઈને મનમાં ક્રોધ ભાવના જન્મે છે. આ ભાવનામાં વ્યક્તિ આક્રમક બની ઉદ્દીપક સાથે દુર્વ્યવહાર કરે છે. ક્રોધના આવેગ દરમ્યાન મુઠ્ઠી વાળવી, બાંયો ચડાવવી, મોટેથી બરાડવું, થર થર કાપવું, દાંત પીસવા, વસ્તુ પછાડવી, ચિડીયાપણું, લાલ ચહેરો, આંખો પહોળી થવી વગેરે શારીરિક ક્રિયાઓ અનુભવાય છે.

આ જૂથમાં ક્રોધ ભાવનાના કારણે સંઘર્ષ અનુભવતાં સ્ત્રીપાત્રોની વાત કરાઈ છે. એમનાં બધા જ વાર્તાસંગ્રહોમાંથી આ જૂથમાં ‘ફ્લાવરવેલી’, ‘ખુરસી’ અને ‘ચકલાંઘર’ જેવી વાર્તાઓમાં સ્ત્રીનો ક્રોધ ભાવના સાથેનો સંઘર્ષ અનુભવાયો છે.

- ‘ફ્લાવરવેલી’ (મનુષ્ય થવું, ૧૯૯૦)

લેખા રૂપાળી હોવા છતાં છોકરાઓ તેને લગ્ન માટે યોગ્ય ગણતા નથી. કારણ માત્ર એટલું જ છે કે તે મુક્ત વિચારોની છે. લગ્નના હેતુસર છોકરો જોવા આવવાનો હોવાથી તેને સારી રીતે તૈયાર થવું પડે છે. જે એને બિલકુલ ગમતું નથી. સમાજના જડ નિયમો સામે તે વિરોધ સાથે ક્રોધ પ્રગટ કરે છે. અહીં વાર્તાની શરૂઆતમાં જ વાર્તાકારે લેખાની મન:સ્થિતિ વિશે જણાવ્યું છે કે: “ફરી વાર લોકો જોવા આવવાનાં હતાં... ગુસ્સો આવતો હતો. પણ માબાપની સ્થિતિ જોઈને તે ગુસ્સો ગળી ગઈ.” (પૃ. ૫૮)
આ સ્થિતિમાં એનાં માનસપટ પર વિચારો ઉદ્દભવે છે. વાર્તાકાર લેખાની મન:સ્થિતિ વિશે જણાવે છે કે: “અરીસા સામે તૈયાર થતાં તે વિચારી રહી.... મહેચ્છા ધરાવતી વ્યક્તિની જરૂર નહોતી?’ (પૃ. ૫૮)

તેને નોકરી કરીને પગભર બનવું છે. પરિવારનાં સભ્યો પણ સમાજની વિચારસરણીને અનુસરતાં જોવા મળે છે. જેના કારણે તેઓ પણ એનાં સ્વતંત્ર વિચારોની ઉપેક્ષા કરતાં જોવા મળે છે.

આ સ્થિતિમાં લેખાનો સંઘર્ષ વધુ તીવ્ર બની ઊઠે છે. પરિવાર સાથેના સંવાદમાં તેનો ઉગ્ર ક્રોધ સાથેનો સંઘર્ષ જોવા મળે છે. સમાજની સ્ત્રી સ્વતંત્રતા વિરોધી ધારાઓ સામે લેખાનો ક્રોધ અહીં વ્યક્ત થયો છે.

- 'ખુરસી' (જવા દઈશું તમને, ૧૯૮૩)

સીતાએ હંમેશા કઠપૂતળીની જેમ પતિની આજ્ઞાનું પાલન કર્યું છે. તેની સહનશીલતા હવે હદ વટાવી ચૂકી છે. જીવનભર તેણે જે વેઠયું છે તેના વિરોધમાં એનો ક્રોધ ઉદ્દભવે છે. જે આ વિધાનોમાં જોવા મળે છે: "હવે હું વધારે સહન કરવા માંગતી નથી."

"હવે નથી વેઠાતું. બહુ દિવસ વેઠયું... તેમાં કશુંક ગૌરવ છે એમ લાગ્યા કરતું." (પૃ. ૧૨૮)

અહીં નિરંજનના આધિપત્યને સહન કરતી સીતાનો ક્રોધ વ્યક્ત થયો છે.

- 'ચકલાંઘર' (જવા દઈશું તમને, ૧૯૮૩)

નાયકની મા અને પત્ની વચ્ચે અણબનાવ છે. આ કારણે નાની નાની વાતોમાં કચ કચ થાય છે. જેના કારણે તેમનો એકબીજા પર ક્રોધ ઉદ્દીપ્ત થતો જોવા મળે છે. નાયકની મા વહુ સાથેનો સંઘર્ષ વ્યક્ત કરતાં નાયકને કહે છે કે: "આજે તારી વહુએ મારે માટે મોળું શાક જુદું કાઢ્યું નહોતું" (પૃ. ૯૧)

પત્ની પણ સાસુ પ્રત્યેનો સંઘર્ષ વ્યક્ત કરતાં કહે છે કે: "તમારાં મા ઘરમાં ચકલાં ઊડી આવે ને કચરો કરે તોય ઊડાડતાં નથી. ને હું કહું ત્યારે નકામાં મારી સાથે કચકચ કરે છે." (પૃ. ૯૨)

ઉપરોક્ત વિધાનો દ્વારા સાસુ અને વહુ વચ્ચેનો ક્રોધ સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

શકુંતલાને જન્મનારું બાળક મૃત્યુ પામતાં તેનું માતૃત્વ છીનવાઈ જાય છે. આ સ્થિતિમાં શકુંતલા વ્યથિત બનીને પીડા અનુભવે છે. એની પીડાનો ચિતાર આપતાં વાર્તાકારે નાયકનાં મુખે વર્ણવ્યું છે કે: "અમે ત્યાં પહોંચ્યા ત્યારે શકુંતલા... અસ્તિત્વમય પણ શૂન્ય." (પૃ. ૯૭)

આ વાર્તામાં સાસુ-વહુનાં પરસ્પરનાં વિરોધભાવને કારણે એમનામાં અણબનાવ છે. જેમાં એમનો એકબીજા પ્રત્યેનો ક્રોધ જોવા મળે છે. જે અહીં મુખ્ય ભાવના તરીકે ઊપસે છે. સત્ત્વ નિષ્ફળ જવાની ઘટનામાં શકુંતલાની પીડાનું આલેખન જોવા મળે છે.

જૂથ સમાપન

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીઓનો ક્રોધ પણ જોવા મળ્યો છે. અહીં શરૂઆતનાં ત્રણ વાર્તાસંગ્રહોમાં સ્ત્રીનો ક્રોધ ભાવનાનો સંઘર્ષ જોવા મળતો નથી. ચોથા વાર્તાસંગ્રહમાંથી ૨ વાર્તાઓમાં અને પાંચમાં સંગ્રહમાંથી ૧ વાર્તામાં ક્રોધનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે. કુલ ૩ વાર્તાઓમાં ક્રોધના સંઘર્ષનું નિરૂપણ જોવા મળે છે.

આ જૂથમાં સામેલ ત્રણેય વાર્તાઓ વિષયની રીતે ભિન્ન છે. 'ફ્લાવરવેલી' વાર્તામાં સ્ત્રીની સ્વતંત્રતાને છીનવી લેતાં સમાજનાં બંધનો ક્રોધ ભાવના માટે કારણરૂપ બન્યાં છે. પુરુષને ગમવા માટે, એને ખુશ કરવા માટે એક સ્ત્રીએ કેટકેટલું સહન કરવું પડે છે. લેખા માટે આ બધું અસહ્ય છે. જેના કારણે તે મનોમન ક્રોધિત થાય છે. આ કારણે તે પરિવારનાં સભ્યો સાથે પણ બોલચાલ કરતી જોવા મળે છે. 'ખુરસી' વાર્તામાં દાંપત્યજીવનમાં પતિનું આધિપત્ય છે.

લગ્ન કર્યાં ત્યારથી અત્યાર સુધી મૂંગે મોઢે સહન કરતી સીતા હવે આક્રમક બની નિરંજન પર ક્રોધિત થઈ છે. આ અવસ્થામાં તે નિરંજનથી બિલકુલ ડર્યા વિના એની સામે બોલતી જોવા મળે છે. 'ચકલાંઘર' વાર્તામાં સાસુ વહુ વચ્ચેનાં સંબંધોની વાત કરાઈ છે. વિચારોની ભિન્નતાના કારણે એમની વચ્ચે અણબનાવ છે. જેના લીધે એમનામાં એકબીજા પ્રત્યે ક્રોધ ઉદ્દીપ્ત થાય છે. જે સામાન્ય કચકચમાં પરિણમે છે.

## જૂથ ૬ - ઈર્ષ્યા સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

ઈર્ષ્યા ભાવનામાં ડર અને ક્રોધ બંને ભાવનો સમન્વય હોય છે. કોઈ કારણસર વ્યક્તિને જીવનમાં વાસ્તવિક અથવા કાલ્પનિક અસંતોષ ઊભો થાય ત્યારે તેના મનમાં ઈર્ષ્યા જન્મે છે. આ ભાવનામાં તે પોતાની જાતને અસુરક્ષિત અનુભવે છે. તેથી તેનામાં ભય ઉત્પન્ન થાય છે. એને વારંવાર એવો અનુભવ થયા કરે છે કે એનું સ્થાન કોઈ અન્ય વ્યક્તિ લઈ રહ્યું છે. પોતાનું આત્મગૌરવ હણાતું હોય એવું અનુભવાય છે. આ કારણે તે સામી વ્યક્તિ તરફ ક્રોધ પણ અનુભવે છે. આ ભાવનાને કારણે ક્યારેક વ્યક્તિ ખોટું કાર્ય કરવા પ્રેરાય છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં માત્ર બે વાર્તાઓમાં ઈર્ષ્યા ભાવનાનું આલેખન જોવા મળ્યું છે. ઈર્ષ્યાનો સંઘર્ષ એમના ત્રીજા વાર્તાસંગ્રહ 'કાગળની હોડી'ની બે વાર્તાઓમાં આલેખાયો છે. એમાં 'અસત્યનાં ચરમ બિંદુએ' અને 'સુખ' વાર્તાઓનો સમાવેશ થાય છે. આ વાર્તાઓમાં નિરૂપાયેલ ઈર્ષ્યાના ભાવનાત્મક સંઘર્ષને સમજીએ.

- 'અસત્યનાં ચરમ બિંદુએ' (કાગળની હોડી, ૧૯૭૮)

સુમિતાએ નાનપણથી માત્ર અસીમાનાં જ વખાણ સાંભળ્યા છે. આ સ્થિતિમાં તે પોતાની ઉપેક્ષા અનુભવે છે. તે અસીમા પર મનોમન ક્રોધે ભરાતી રહે છે. એની મન:સ્થિતિ આ વિધાનોમાં જોવા મળે છે: "સુમિતાના જંગલમાં એક દવ લાગતો અને પછી... હરિયાળીને ધીમે ધીમે કજળાવી નાંખતો." (પૃ. ૨૦)

સુમિતાનો અસીમા પ્રત્યેનો આંતરિક ક્રોધ યુવાવસ્થામાં ઈર્ષ્યામાં પરિણમે છે. તે અંજન સાથે અસીમાના લગ્નની વાત થતી જુએ છે. આ સ્થિતિમાં મનોમન ઈર્ષ્યાની પ્રબળ ભાવનાથી પ્રેરાઈને તે અંજનને પોતાની તરફ આકર્ષે છે. સત્યનું ભાન થતાં જ તેને આવનારી પરિસ્થિતિનો કાલ્પનિક ભય લાગે છે. આ વિધાનોમાં તે વ્યક્ત થયો છે કે: "તેણે કલ્પના કરી જોઈ... એ તો કોઈ કાળે જ બને નહિ." (પૃ. ૨૧)

હવે તેને અંજન પ્રત્યે અણગમો પણ થાય છે. સત્ય જણાવવા માટે તે એની પાસે દોડી જાય છે. અંજન સાથેનો સંવાદ પણ એના ભયને વધુ ઘેરો બનાવવા પોષક બનતો જોવાય છે. અહીં સુમિતાના બહેન પ્રત્યેનાં આંતરિક ક્રોધ વડે ઈર્ષ્યાનો ભાવ પોષાય છે. જેના કારણે ઉદ્દભવતી સ્થિતિમાં એનો કાલ્પનિક ભય ઉજાગર થાય છે. આમ, અહીં અસીમા પ્રત્યેની ઈર્ષ્યાવૃત્તિ એ સુમિતાના સંઘર્ષનું મૂળ બની રહે છે.

- 'સુખ' (કાગળની હોડી, ૧૯૭૮)

અમિતા માટે સુખસંપત્તિનો વૈભવ સર્વસ્વ છે. તે સોનાને પોતાનો વૈભવ બતાવતી રહે છે. સોના માટે આ બધું જ વ્યર્થ હોવાથી તે એનાથી બિલકુલ અંજાતી નથી. તેના આવા વર્તનથી અમિતા અકળામણ અનુભવે છે. જે એના આંતરિક ક્રોધનું કારણ બને છે. એનો ક્રોધ આ વિધાનોમાં જોવા મળે છે: "અમિતાના મનમાં કટુતાનું એક કથ્થઈ બિંદુ... તેને ક્યાંક જરા ઓછું આવવા માંડ્યું." (પૃ. ૧૦)

પાળેલા કૂતરાના મૃત્યુ સમયે સોનાની વાતો પરથી અમિતાને સત્યનું ભાન થાય છે. એનો તમામ વૈભવ નાશવંત છે એ વાત હવે તેને સમજાય છે. આ સ્થિતિમાં તે અસલામતી અનુભવે છે. જે એનામાં કાલ્પનિક ભય ઉદ્દીપ્ત કરે છે. તેનો ભય દર્શાવતાં આ વિધાનો જુઓ: "ચાલતાં ચાલતાં એકદમ અંધારાં આવવા જેવું લાગ્યું... ભયથી કાંપતી તે દોડીને પાર્ટીવાળા ખંડમાં પહોંચી ગઈ." (પૃ. ૧૫)

પરિસ્થિતિનું ભાન થતાં તે સોના કરતાં પોતે ગરીબ હોવાનો અનુભવ કરે છે. સોના પાસે કશું જ ન હોવાં છતાંય અમિતાને તે પોતાના કરતાં વધુ સુખી લાગે છે. આ સ્થિતિમાં ઉદ્દભવતા એનાં ક્રોધ, ધૃણા અને ભયમાં એનો ઈર્ષ્યાનો ભાવ પોષાતો જાય છે. સમગ્રતયા અહીં અમિતાનો સોના પ્રત્યેની ઈર્ષ્યા ભાવના સાથેનો સંઘર્ષ જોવા મળે છે.

જૂથ સમાપન

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં ઈર્ષ્યાભાવનું આલેખન પણ જોવા મળે છે. અહીં એમનાં ત્રીજા વાર્તાસંગ્રહની માત્ર બે વાર્તામાં ઈર્ષ્યાનો ભાવનાત્મક સંઘર્ષ જોવા મળે છે. બંને વાર્તાસંગ્રહોમાં અન્ય સ્ત્રી પાત્રને જોઈને મનોમન ઈર્ષ્યા કરતાં જોવા મળે છે.

'અસત્યનાં ચરમ બિંદુએ' વાર્તામાં પોતાની ઉપેક્ષા થતી જોઈ સુમિતાને મોટી બહેન પ્રત્યે ઈર્ષ્યા ઉદ્દીપ્ત થાય છે. આ કારણે તે ખોટી રીતે અંજનને પોતાની તરફ આકર્ષે છે. આવનારા ભવિષ્યની કલ્પનામાં તે ભય અને અસલામતી અનુભવે છે. 'સુખ' વાર્તામાં વૈભવશાળી અમિતાને સોનાની સાદગી વધારે ચઢિયાતી લાગે છે. આ કારણે તે મનોમન તેના પ્રત્યે ઈર્ષ્યા કરે છે. પોતાની બધી જ સંપત્તિ

નાશવંત છે એવી પ્રતીતિ થતાં તેની આંખે અંધારા આવે છે. તે ભયથી ધ્રૂજવા લાગે છે. આમ, આ જૂથમાં મુકાયેલી વાર્તાઓનાં સ્ત્રીપાત્રો ઈર્ષ્યાભાવથી પીડાતા જોવા મળે છે.

## જૂથ ૭ - ભય સાથેનો ભાવનાત્મક સંઘર્ષ

જયારે વ્યક્તિને એની સામે આવેલ ઉદ્દીપકની ગંભીરતા વિશે ખ્યાલ હોય ત્યારે તેનામાં ભય પેદા થાય છે. હૃદયના ધબકારા વધવા, શરીરનું કાંપવું, સ્તબ્ધ થઈ જવું વગેરે શારીરિક પ્રતિક્રિયાઓ આ ભાવનાની અનુભૂતિ સમયે જોવા મળે છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં માત્ર એક જ વાર્તામાં ભયનું આલેખન જોવા મળ્યું છે. જે એમનાં પ્રથમ વાર્તાસંગ્રહમાં 'આગળ શું આવશે?' વાર્તામાં જોવા મળે છે. આ વાર્તામાં નિરૂપાયેલ ભયના ભાવનાત્મક સંઘર્ષને સમજીએ.

- 'આગળ શું આવશે?' (પ્રેમનાં આંસુ, ૧૯૫૪)

મુસાફરી કરતી નાયિકાની સાથે ટ્રેનમાં એક બાળકી અને એની બીમાર મા પણ છે. ટ્રેનની બહારનાં દૃશ્યો જોતી બાળકીના 'હવે આગળ શું આવશે?' એ પ્રશ્નમાં એની જાણવાની જિજ્ઞાસા જોવા મળે છે. એની મા ક્ષણે ક્ષણે મૃત્યુ તરફ આગળ વધી રહી છે એ વાતથી તે અજાણ છે. આ સ્થિતિમાં નાયિકા બાળકીની ભાવિ અસહાયતા અનુભવે છે. એના મનમાં આ મુજબના વિચારો ઉદ્દીપ્ત થાય છે: "કદાચ...કદાચ...ઓહ! હું ધ્રૂજી ઊઠી... કન્યા માટે જિંદગીમાં આગળ શું આવશે? (પૃ. ૧૩૫)

આવા વિચારો એનામાં પીડા જાગ્રત કરે છે. યાત્રા દરમ્યાન નજર સામે જ તે એ બાળકીની માને ક્ષણે ક્ષણે મરતી જુએ છે. આ સ્થિતિમાં તેનાથી કશું જ થઈ શકે એમ નહોતું. અહીં વાર્તાકારે મૃત્યુની નજીક જઈ રહેલી સ્ત્રીનું આબેહૂબ વર્ણન અને એના ભૂતકાળ વિશેની નાયિકાની કલ્પનાઓ વડે તેના હૃદયને વિચલિત કરી આપ્યું છે. જે તેને ભયભીત બનાવવા માટે એક ઉદ્દીપક બની રહ્યું છે. આ સ્થિતિમાં એની પીડાનો ભાવ વધુ ઘેરો બનતો જાય છે.

એક તરફ બાળકીના નિર્દોષ પ્રશ્નો અને બીજી તરફ એની બીમાર માની અસહાય અવસ્થા. નજર સમક્ષની એ અસમાન સ્થિતિમાં મનમાં ઊઠતા વિચારો એને વધુ ઉત્તેજિત કરવામાં સહાયક નીવડ્યા છે. બાળકી દ્વારા વારંવાર પૂછાતો પ્રશ્ન 'આગળ શું આવશે? એ પણ એક ઉદ્દીપક તરીકે રજૂ થઈને એના હૃદયને વ્યથિત કરી મૂકે છે. અંતે બાળકીની માનું મૃત્યુ થતાં તે સ્તબ્ધ બની જાય છે. માના મૃત્યુથી અજાણ બાળકી ફરીથી એને પ્રશ્ન પૂછે છે કે: "સૂરજ તો ડૂબી ગયો. હવે આગળ શું આવશે?" (પૃ. ૧૩૮)

આ વાર્તામાં નાયિકાની પીડા સાથે વધતા ભયના સંઘર્ષનું સુંદર આલેખન જોવા મળે છે.

જૂથ સમાપન

કુન્દનિકા કાપડીઆની એમની માત્ર એક જ વાર્તામાં ભયના સંઘર્ષનું આલેખન છે. 'આગળ શું આવશે?' વાર્તામાં નાયિકાની નજર સામે એક માસૂમ બાળકીની મા મરી રહી છે. આ દૃશ્ય નાયિકામાં ભય ઉદ્દીપ્ત કરે છે. તેના ધબકારા વધી જાય છે. અંતે તે સ્ત્રી મૃત્યુ પામતાં નાયિકા સ્તબ્ધ બની ઊઠે છે. આ સ્થિતિમાં એનો ભય જોવા મળે છે.

## પ્રકરણ સમાપન

આ પ્રકરણમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષને ચકાસવા માટે મુખ્યત્વે નવ નકારાત્મક ભાવનાઓને ધ્યાને લેવામાં આવી છે. જેમાં ભય, ક્રોધ, હતાશા, ધૃણા, ઇચ્છા, પીડા, અફસોસ, તિરસ્કાર, ઈર્ષ્યાનો સમાવેશ કરેલ છે. સમગ્ર વાર્તાઓને સ્ત્રીવિષયક સંઘર્ષ તરીકે ચકાસતાં સ્ત્રીપાત્રોનો વિવિધ નકારાત્મક ભાવનાઓ સાથેનો સંઘર્ષ જોવા મળ્યો છે. જેમાં હતાશા, ઇચ્છા, તિરસ્કાર, પીડા, ક્રોધ, ઈર્ષ્યા, અને ભય જેવી ભાવનાઓનો સંઘર્ષ છે. એમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રનો ધૃણા ભાવ ગૌણ સ્વરૂપે જોવા મળે છે. મુખ્ય ભાવ તરીકે ધૃણાનો સંઘર્ષ જોવા મળતો નથી. અહીં અફસોસ વ્યક્ત કરતાં પુરુષપાત્રો છે પણ સ્ત્રીપાત્રોને કોઈ પણ વાતનો અફસોસ નથી. જેથી કહી શકાય કે ધૃણા અને અફસોસ આ બે ભાવનાઓનો સ્ત્રીસંઘર્ષ અહીં જોવા મળતો નથી.

તેમની વાર્તાઓમાં સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષની પ્રક્રિયાનું સુંદર આલેખન જોવા મળ્યું છે. જેમાં નકારાત્મક સંવેદનો અને તેનાથી ઉદ્દભવતો સ્ત્રીપાત્રોનો સંઘર્ષ વધુ પડતો ધ્યાનાકર્ષક બન્યો છે. અહીં બંધનાવસ્થા, આધિપત્ય, અંકુશ, સ્ત્રીમનોગત ભાવો, અણગમતી ઘટના કે પરિસ્થિતિ સ્ત્રીસંઘર્ષનું કારણ બની છે. આવા સંઘર્ષને તીવ્ર બનાવવા માટે સ્ત્રીપાત્રોની ભૂતકાળની યાદો, વિચારો, કલ્પનાઓ જેવાં આંતરિક અને આસપાસનું વાતાવરણ, વિવિધ વસ્તુઓ, વ્યક્તિઓ જેવાં બાહ્ય ઉદ્દીપકો સહાયક બનતાં જોવાય છે. જેના કારણે એમનો સંઘર્ષ પોષાય છે. આ પ્રક્રિયા દરમ્યાન પાત્રોમાં દયા, વાત્સલ્ય, પ્રેમ, સ્નેહ, ધૃણા, ભય જેવાં અન્ય ગૌણ ભાવો પણ ઉદ્દીપ્ત થાય છે. જે મૂળ ભાવનાને પોષવામાં સહાયક બને છે. આવા ભાવસંયોજન વડે પોષાઈને અંતમાં એક પ્રબળ નકારાત્મક ભાવનાનું સર્જન થાય છે.

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રીપાત્રોનો હતાશા સાથેનો સંઘર્ષ સૌથી વિશેષ જોવા મળ્યો છે. એમની ઇચ્છાઓ, આકાંક્ષાઓનો ભંગ થતાં આ પાત્રો હતાશ થતાં જોવા મળ્યાં છે. ક્યારેક મનગમતું પાત્ર ન મળવાથી, સમાજના જડ નિયમો, જીવનની એકલતા અને ખાલીપો વગેરેને કારણે તેમની અપેક્ષાભંગ થાય છે. જે હતાશાનું કારણ બને છે. ગર્ભિત ઇચ્છાઓને કારણે સંઘર્ષ કરતાં પાત્રો પણ અહીં છે. મહદંશે તીવ્ર કક્ષાનો ઇચ્છાભાવ અહીં જોવા મળે છે. જેને વશ થઈને એ મુજબ કાર્ય કરવાની મથામણ કરતાં પાત્રો છે.

કોઈ ચોક્કસ ધ્યેયને પામવાની મથામણ, કંઈક મેળવવાની તીવ્ર ઝંખના, જિજ્ઞાસા વગેરે કારણો એની ઇચ્છાને ઉજાગર કરે છે. જેને પૂર્ણ કરવા માટે મથતાં સ્ત્રીપાત્રો આ વાર્તાઓમાં દૃશ્યમાન થાય છે. મનનાં કોઈક ખૂણામાં પડેલી ઇચ્છાઓ ઉદ્દીપ્ત થતાં એના પીઠબળથી આ પાત્રો સંઘર્ષ કરે છે. ઇચ્છાની તૃપ્તિ થતાં જ તેઓ આનંદિત થતાં જોવાય છે પરંતુ, કેટલાંકને મનગમતું પરિણામ મળતું નથી. જેના કારણે તે ઉદાસ થાય છે. આવી વાર્તાઓમાં પાત્રોની હતાશા પાછળ એની ઈચ્છા જ કારણભૂત બનતી જોવાય છે.

અહીં તિરસ્કાર સાથેનો સંઘર્ષ પણ છે. પોતાની સ્વતંત્રતાને આડે આવતાં પરિબળોને તિરસ્કૃત કરતાં પણ આ પાત્રો અચકાતાં નથી. હતાશા અને ઇચ્છાભાવની સરખામણીમાં તિરસ્કારના સંઘર્ષવાળી વાર્તાઓ પ્રમાણમાં ઓછી જોવા મળી છે. પુરુષનું વધુ પડતું આધિપત્ય અને વૃદ્ધાવસ્થા જેવાં કારણો તિરસ્કાર માટે સહાયક બન્યાં છે. લગ્નજીવનમાં કે વૃદ્ધાવસ્થામાં પુરુષનું વધુ પડતો અંકુશ આ પાત્રો સહન કરતાં નથી. આમ, સ્વતંત્રતાને ચાહનાર એમનાં પાત્રોનો સંઘર્ષ જયારે ચરમ સીમાએ પહોંચે છે ત્યારે જ તે જે તે વ્યક્તિ કે પરિસ્થિતિને તિરસ્કૃત કરે છે.

અહીં સ્વજનો પ્રત્યે પ્રેમ, લાગણી અને વાત્સલ્યનાં કારણે ઉદ્દભવતી પીડા સાથેનો સ્ત્રીસંઘર્ષ પણ છે. પીડાની તીવ્રતાને કારણે ઉદ્દભવતી નકારાત્મક અસરો સ્ત્રીપાત્રો પર થતી જોવા મળે છે. આ પાત્રો પર પીડાનો સંઘર્ષ હાવિ બનતાં તેની અનિચ્છનીય અસરો જોવા મળે છે. ક્રોધ, ઈર્ષ્યા અને ભય સાથેનો સંઘર્ષ દર્શાવતી વાર્તાઓનું પ્રમાણ ઓછું છે. સમાજે પ્રચલિત કરેલાં સ્ત્રીની સ્વતંત્રતાને અવરોધતાં નિયમો, પુરુષનું આધિપત્ય જેવાં કારણો દર્શાવી વાર્તાકારે ક્રોધ સાથેનો સંઘર્ષ રજૂ કર્યો છે. સમાજવ્યવસ્થા સામે બંડ પોકારતાં સ્ત્રીપાત્રોનો ક્રોધ આ વાર્તાઓમાં જોવા મળે છે. પોતાની ઉપેક્ષા અને અન્યની શ્રેષ્ઠતા સ્ત્રીમાં ઈર્ષ્યાભાવ જન્માવે છે. આ જ કારણો દર્શાવી અહીં ઈર્ષ્યા સાથેનો સંઘર્ષ દર્શાવ્યો છે. ભય સાથેનો સંઘર્ષ સાથે માત્ર એક વાર્તા રજૂ થઈ છે.

આ ભાવનાત્મક સંઘર્ષની એમનાં સ્ત્રીપાત્રો પર સાધારણથી માંડીને તીવ્ર અસરો જોવા મળે છે. સંઘર્ષની અસરોમાં તેઓ કાલ્પનિક ભય અનુભવતાં, બેધ્યાન બનતાં, સમતોલન ગુમાવતાં, ધ્રૂજી ઉઠતાં, ઉદાસ બનતાં, પલાયન થતાં, રુદન કરતાં, નીડરતાથી સામનો કરતાં, અસલામતી અનુભવતાં જોવા મળે છે. તેથી વિપરીત ઇચ્છિત પરિણામ મળતાં આ પાત્રો આનંદિત બનતાં પણ જોવાય છે. એમની વાર્તાઓમાં નકારાત્મક સંવેદનોના સંઘર્ષની માઠી અસરો પણ અહીં જોવા મળી છે. જેમાં પાત્રોને હૃદય રોગનો હુમલો આવવો, માનસિક સંતુલન ગુમાવવું, વધુ પડતું ઉત્તેજિત થઈ મૃત્યુ પામવું અને આત્મ-હત્યા કરવી જેવી અસરોનું આલેખન છે.

આમ, કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં સ્ત્રી વિષયક ભાવનાત્મક સંઘર્ષનું સુંદર આલેખન જોવા મળે છે. પાત્રોની માનસિક મથામણનું કલાત્મક આલેખન અહીં જોવા મળે છે. સામાન્ય લાગતી ઘટના કે પરિસ્થિતિનું નિર્માણ કરીને વાર્તાકારે સ્ત્રીનાં ભાવસંવેદનોને ઉઘાડ્યાં છે. આ રીતે વિવિધ ગૌણ ભાવોનાં સંયોજન વડે મૂળભૂત ભાવનાના સંઘર્ષને ઉજાગર કરાયો છે. મહદંશે વાર્તાકારે તેમની વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ દ્વારા સ્ત્રીના પ્રશ્નો, તેની ઇચ્છા-આકાંક્ષાઓ, અને સમસ્યાઓ તરફ આંગળી ચીંધી છે.

---

[i] 'પરસ્પર',પુરુષલેખકોની વાર્તાઓમાં નારીસંવેદના, પ્ર. આ.૨૦૦૫, પૃ. ૨૦૦

[ii] 'કુન્દનિકા કાપડીઆની શ્રેષ્ઠ વાર્તાઓ', લેખિકા: કુન્દનિકા કાપડીઆ, પ્ર. આ.૧૯૮૭, પ્રસ્તાવના, પૃ. ૭